# શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ



પ્રગટ પ્રભાવક શાસન રક્ષક શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ
(મહુડી તીર્થ)

પ્રકાશક : શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટ - મહુડી

Jain Education International www.jainelibrary.org



## શાસ્ત્ર વિશારદ યોગનિષ્ઠ

## આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સુરીશ્વરજી મ.સા.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

## પ્રગટ પ્રભાવક શાસન રક્ષક શ્રી ઘંટાકર્ણ - મહાવીર દેવ
## (મહુડી તીર્થ)



## શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વે. મૂર્તિપૂજક ટ્રસ્ટ

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ગ્રન્થમાળા-ગ્રન્થાંક-નં. ૧૧૮

આધ્યાત્મજ્ઞાનદિવાકર સ્વ. પર શાસ્ત્રવિશારદ્ યોગનિષ્ઠ
આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી વિરચિત
શાસનરક્ષક પ્રગટ પ્રભાવક

# શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ

સં ૨૦૫૪] કિંમત-૧૩-૦૦ [સને ૧૯૯૭-૯૮

-:પ્રકાશક:-
શ્રી મહુડી જૈન ચ્ચેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ
મુ. મહુડી (મધુપુરી) તા. વિજાપુર

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

વિ. સં. ૧૯૮૦માં જેજે લોકોએ જૈનધર્મશાસ્ત્રોનાં મંતવ્યો સંબંધી વિચારો દર્શાવ્યા હતા, તેઓના વિચારોની અસરથી અન્ય જૈનો મુક્ત રહે એવા ઉદ્દેશથી જૈન ધાર્મિક શંકા-સમાધાન ગ્રંથ, પેથાપુરમાં તેજ ચોમાસામાં શ્રાવણ માસમાં લખી પૂર્ણ કર્યો. આ ગ્રંથમાં જે કંઇ ઉત્તર તરીકે લખ્યું છે તે જૈન શાસ્ત્રોના આધારે લખતાં છતાં છદ્મસ્થદશાથી અનુપયોગે જિનાજ્ઞા વિરુદ્ધ જે કંઇ લખાયું હોય તેની સંઘ સમક્ષ માફી માંગું છું અને તેને સુધારવા જૈન ગીતાર્થો ને વિનય પૂર્વક પ્રાર્થના કરૂ છું. હાલમાં અનેક ધર્મોમાં સંક્રાન્તિયુગ પ્રવર્તે છે. દેશ સમાજ વગેરેમાં આચારો - વિચારો સંબંધી સંક્રાન્તિયુગ ચાલે છે. અસ્થિર પ્રજ્ઞાવાળા તથા અલ્પજ્ઞમનુષ્યોનેગીતાર્થજ્ઞાનીઓના સમાગમના અભાવે તેમજ જૈનશાસ્ત્રોના અભ્યાસના અભાવે અનેક જાતની શંકાઓ પડે એમાં આશ્ચર્ય નથી. તેથી તેવા ઓને ગ્રંન્થરૂપે પ્રત્યુત્તર આપતાં અન્ય જૈનો કે સત્યાગ્રહીઓ છે તેઓનેઆવા ગ્રંથોથી સમકિતની નિર્મલતા રહે એવું જાણીને મેં મારી ફરજ બજાવી છે અને પ્રતિપક્ષી વિચારવાળાઓને તે ન રુચે અને મારી નિંદા કરે તો પણ મને તેઓ પર સમભાવ, ભાવદયા હોવાથી કર્મની નિર્જરાપૂર્વક આત્મશુદ્ધિ થવાની છે અને ભવિષ્યમાં પણ બને ત્યાં સુધી પુનઃશંકાઓના જવાબ તરીકે જૈનધર્મ જૈનસંઘની નિષ્કામ ભાવે સેવા કરવાની નિષ્કામ પ્રવૃત્તિ ચાલુ રહેવાની જ. આવા સંક્રાન્તિયુગમાં મારી ફરજ મારે બજાવવી જોઈએ તેમાં પ્રતિપક્ષી નિંદકો તરફથી ઉપસર્ગ થાય તો પણ મારે તેઓની નિંદા કર્યા વિના, તેઓનું બુરૂ કરવાની વિચાર પ્રવૃત્તિ વિના મારૂં કાર્ય કરવું જ રહ્યું. પ્રતિપક્ષી નિંદકો પર મને ભાવદયા અને સમભાવ વર્તે છે, જેથી આવા કાર્યોથી આત્માની શુદ્ધિ થાય છે. પેથાપુરમાં જૈનસંઘે ચોમાસામાં ગુરૂભક્તિ સારી કરી હતી. શા. શાંતિલાલ પાનાચંદ તથા શા. રમણિકલાલ ડાહ્યાભાઈ એ પ્રુફ શોધવામાં સહાય કરી છે. આ ગ્રંથથી જૈનો, જૈનધર્મમાં શ્રદ્ધાવાન રહો એમ ઈચ્છું છું. પ્રતિપક્ષી નિંદકોને હું ખમાવું છું. અને તેઓનું ભલું ઈચ્છું છુ, તેઓ પર દ્વેષ વિના તેઓ પર શુદ્ધ પ્રેમથી મૈત્રીભાવ ધારૂં છું અને આશા છે કે તેઓ મારૂં લખેલું સમજીને તેમાંથી સત્ય ગ્રહણ કરે અગર વેરભાવ તજી મધ્યસ્થ બને અને આત્મશુદ્ધિ કરે.

આ ગ્રંથનું અશુદ્ધિ શુદ્ધિપત્રક કરવાની ઉપયોગિતા જણાઈ નથી છતાં જે કંઈ ટાઈપ વગેરે અક્ષર શબ્દદોષો રહી ગયા હોય તેઓને સંતો સુધારશે.

ईत्यवं अर्ह महावीर शान्तिहँ ३

મુ. મહુડી વિ. ૧૯૮૧ પોષ વદિ ૭

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# આ આવૃતિનું નિવેદન

સં. ૧૯૭૭ના શ્રી સાણંદના ચાતુર્માસમાં ગુરૂશ્રીએ સ્નાત્ર પૂજા શરૂ કરેલ અને મંડળે ૧૯૮૦માં પ્રથમ આવૃતિ પ્રગટ કરેલ હતી, તે પૂજા સંગ્રહની મોટી બુકમાં પણ છપાઈ છે તેનો વધુ ઉપયોગ જણાતાં શ્રી સાણંદ સાગરગચ્છ જ્ઞાન ખાતા તરફથી સં. ૨૦૧૦માં નાની પુસ્તિકા રૂપે છપાયેલ તેની ચાલુ માંગણી હોવાથી મંડળે આ નાની પુસ્તિકારૂપે પ્રકટ કરી છે.

**સર્વાતિશયે શોભતા, પ્રભુ મહાવીર જિનેશ ;**
**શાસન નાયક જગપતિ, પ્રણમું હું વિશ્વેશ,**
**પ્રભુ સ્નાત્રની ભાવના કરતાં શાંતિ થાય ;**
**રોગ શોક દૂરે ટલે સ્નાત્ર પૂજા મહિમાય.**

(આ. ભ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી )

પંડિત મુનિવર્યોની રચેલ સ્નાત્રપૂજા સુપ્રસિદ્ધ છે, પણ સમયને અનુસરીને આસન્નોપકારી શાસન પ્રભાવક શ્રી મહાવીર પ્રભુનું સ્નાત્ર કોઈ એ બનાવેલું ન હોવાથી ગુરુશ્રીએ ભક્તોના આગ્રહથી આ પૂજા રચીને સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે.

મહાન તીર્થંકરોનો જન્મ જ્યાં થાય છે, ત્યારે ઈન્દ્રો ભક્તિભાવપૂર્વક જન્મોત્સવ કરે તેવી ભાવનાથી હાલમાં પણ જિનમંદિરોની અંદર સિંહાસનમાં પ્રભુજી અને સિદ્ધચક્રજીને પધરાવીને અષ્ટપ્રકારી સ્નાત્ર ભણાવી પૂજા-સેવા-ભક્તિ કરવામાં આવે છે.

સાધ્યને લક્ષ્યમાં રાખી જે ભક્તિ કરવામાં આવે તેથી અત્યંત લાભ થાય છે ; માટે તે માર્ગે નિષ્કામભાવે પ્રવૃત્તિ કરવી તે યોગ્ય છે. જેવી ભક્તિની વિચારણા અને ભાવના તે પ્રમાણે પૂજાનું ફળ મળે છે.

મહાવીરપ્રભુનું નામ વિશ્વમાં જ્યાં ત્યાં પ્રસિદ્ધ પામે અને તેમના વિચારોને ગ્રહણ કરતાં થઈએ તેવી ગુરૂશ્રીની આંતરિક ભાવનાં હતી માટે આ પૂજા મુખપાઠ કરવા યોગ્ય છે.

ગુજરાતમાં પ્લેગાદિ રોગો આવ્યા ત્યારથી રોગ- શોક નિવારણાર્થે અને શાંતિ માટે હજુ પણ ઘણાં ગામોમાં દરરોજ અને બેસતે મહિને આ સ્નાત્ર પૂજા ભણાવવામાં આવે છે.

આ સ્નાત્રનો સાર ગ્રહણ કરી વિશ્વના મનુષ્યોને ભક્તિ કરી મહાવીરપ્રભુનું સ્મરણ નિદિધ્યાસન કરી, ભક્તિ, સેવા, ભાવના વડે કર્મબંધનો તોડવા યથાશક્તિ પ્રવૃતિ કરે તે હેતુથી ગુરૂદેવ ભગવંતશ્રીએ આ ગ્રંથની રચના કરી છે, જે પ્રગટ કરતાં મંડળને અત્યંત આનંદ થાય છે.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

**દઉં ઉપદેશ જીવોને, પ્રતિફળની નથી ઈચ્છા;**
**ફરજ મારી અદા કરવી, પડે જો પ્રાણ તો પણ શું ?**

(ભજન પદ સંગ્રહ ભા. ૬)

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજશ્રીની વિશ્વના જીવોનું ભલું કેમ થાય તે જ ભાવના જાગૃત હતી, ૧૦૮થી અધિક ગ્રંથની જેઓશ્રીએ અમર રચના કરી છે. તેમના ગ્રંથોમાં દરેક વિષયનું વ્યવહારિક અને આત્યાત્મિક સ્વરૂપ યથાયોગ્ય રીતે ગુણદષ્ટિએ જોવામાં આવે છે.

પ્રભુનો જન્મ જગતના કલ્યાણ માટે જ થાય છે. તેમના જન્મ સમયે ૫૬ દિક્કુમારિકાઓ આવી સુતિકા-મહોત્સવ કરે છે, ચારે જાતિના દેવો અને ઈન્દ્રો મળી પ્રભુજીને મેરુગિરિ પર લઈ જઈ જન્માભિષેક કરે છે. (જન્માભિષેકનો વિધિ જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિસૂત્રમાં તથા તીર્થંકર ચરિત્રમાં વિસ્તારથી બતાવે છે.)

સ્નાત્ર ભણાવનારે શુદ્ધ થઈ, શુદ્ધ વસ્ત્ર પહેરી, શુદ્ધ દ્રવ્યોને લઈ જિન પ્રતિમાની આગળ સ્નાત્ર ભણાવવું. ભણાવનારને શાંતિ મળે છે. ઘરમાં, ગામમાં સંઘમાં તેમજ વિશ્વમાં પણ શાંતિ થાય છે.

સર્વ શુભકાર્યના પ્રારંભ વિઘ્નવિનાશક હેતુએ અને કલ્યાણ નિમિતે ગુરૂશ્રીએ રચેલી મંગલ-પૂજા આ ગ્રંથમાં આપી છે. તે ખાસ મંગળસ્વરૂપ છે આ સંસાર વિઘ્નોથી ભરેલો છે, તેનો અનુભવ સંસારી જીવોને સામાન્ય રીતે થાય છે. જેથી મંગલેચ્છુ જીવોના વિઘ્નો દૂર થવામાં આશ્વાસન પ્રાપ્ત થવામાં તથા અનેક મંગલમય નામોનું સ્મરણ, મનન, ચિંતવન થઈ, ભક્તિ અને નમ્રતાયુક્ત ચિત્તવૃતિ થવામાં આ 'લોગસ્સ' 'સંતિકરં' 'ઉવસર્ગહરં સ્તોત્ર' અને અનેક મંગલપાઠોના નિધિસ્વરૂપ ગ્રંથ છે.

સર્વ જગતનું મંગળ હો તેવી ભાવનાપૂર્વક આ નિવેદન જરા વિસ્તારથી લખાયું છે, જે ધ્યાનપૂર્વક વાંચવા વીનંતી છે.

લી.

**શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટ**
**મહુડી**



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

શાસનરક્ષક પ્રગટ પ્રભાવક

# શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ

(જૈનધર્મ શંકા સમાધાનમાંથી)

卐

## શ્રી જૈનશાસન રક્ષક ઘંટાકર્ણ વીરની સહાયસિદ્ધિ

प्रणम्यश्रीमहावीरं, सर्वज्ञं दोषव र्जितम ।
कुमतं खण्डनं कुर्वे, जैनशास्त्रविरोधिनाम् ॥ १ ॥
घण्टाकर्णमहावीर, जैनशासनरक्षकः ।
तस्य सहायसिद्धयर्थ, वच्मि शास्त्रनुसारतः ॥ २ ॥

શ્રી સર્વજ્ઞ દોષવર્જિત ચોવીશમા તીર્થંકર તારણહાર એવા શાસનનાયક મહાવીર પરમાત્માને નમસ્કાર કરીને જૈનશાસ્ત્રોના વિરોધીઓ કે જેઓ ચાર નિકાય દેવોની સહાયતાને માનતા નથી - વગેરે જૈનશાસ્ત્ર વિરૂદ્ધ અનેક કુમતને ધારે છે, એવાઓના કુમતને ખંડન કરૂં છું.

ઘંટાકર્ણ મહાવીરદેવ તે બાવન વીર પૈકી એક વીર છે, તે જૈનશાસનરક્ષકવીર છે. તે જૈનધર્મમાં શ્રદ્ધાળુ એવા જૈનોને સહાય કરી શકે છે, તેવી શાસનદેવની સહાયની સિદ્ધિને શાસ્ત્રાધારે કહું છું.

જૈનશાસ્ત્રોમાં પરંપરાગમનું વર્ણન છે. પૂર્વે જૈનાચાર્યોની પરંપરાએ જે માન્યતાઓ પ્રવર્તે છે, તેનો પરંપરાગમમાં સમાવેશ થાય છે. સર્વ જાતના હિંદુ, મુસલમાન બૌદ્ધ વગેરે ધર્મોમાં પણ તેઓ તેઓના મહાત્માઓના પરંપરાગમોને



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

માને છે. જૈનશાસ્ત્રોમાં પરંપરાગમ છે, તેને જો ન માનવામાં આવે, તો જૈનધર્મની ઘણી માન્યતાઓ નાશ થઈ જાય.

પૂર્વાચાર્યોએ **મંત્રપ્રવાદપૂર્વમાંથી** અનેક મંત્રોનો અનેવિદ્યાઓનોઉદ્ધાર કરી, મંત્રકલ્પશાસ્ત્રોની રચના કરી છે. મંત્રપ્રવાદ અને વિદ્યાપ્રવાદ પૂર્વના અભ્યાસી એવા પૂર્વાચાર્યોએ અનેક દેવોના મંત્રોને બનાવ્યા છે અને તેથી તેમણે અનેક મંત્રકલ્પો રચ્યાં છે.

હાલમાં જૈનશાસ્ત્રોમાં **નવકાર** મંત્રકલ્પ અનેક પ્રકારના મોજુદ છે. **ઉવસગ્ગહરં** મંત્રનો પણ કલ્પ હાલ મોજુદ છે. નાની **શાંતિનો** મંત્રકલ્પ પણ મોજુદ છે. મોટી શાન્તીનો મંત્ર કલ્પ છે. **સંતિકરંનો** મંત્રકલ્પ છે. **તિજયપહુત્ત નમિઉણ** અને **ભક્તામરનો** મંત્ર - યંત્રકલ્પ મોજુદ છે. શ્વેતાંબર અને દિગંબર જૈનો બંને **ઋષિમંડલ** મંત્રકલ્પને માને છે.

જૈનાચાર્યો સૂરિ મંત્રની આરાધના કરે છે અને **સૂરિમંત્રના** યંત્રને પૂજે છે. ઉપાધ્યાયો **વર્ધમાનવિદ્યાની** આરાધના કરે છે. શ્રાવકો **ઋષિમંડલ** મંત્રની આરાધના કરે છે.

અષ્ટોત્તરી **શાંતિસ્નાત્ર** અને **લઘુશાંતિસ્નાત્ર** કે જેની રચના તપાગચ્છના આચાર્યોએ શ્રી હીરવિજયસૂરિના સમયમાં કરી છે અને શ્રી સકલચંદ્રજી ઉપાધ્યાય, કે જે **સત્તરભેદી પૂજા, બાર ભાવના અનેપ્રતિષ્ઠાકલ્પ, ધ્યાનદીપિકા** આદિ ગ્રન્થોના રચયિતા છે, તેમણ **પ્રતિષ્ઠાકલ્પમાં** ઘંટાકર્ણ મંત્રને ગ્રહ્યો છે; તે પૂર્વ પરંપરાથી જાણવું તથા અન્ય તેમના ગુરુઓ - જગત્ગુરુ શ્રી હીરવિજયસૂરિ વગેરેના સમયમાં **શાંતિસ્નાત્ર અષ્ટોત્તરી** સ્નાત્રની રચનાની વ્યવસ્થા થઈ છે અને તેમાં **નવગ્રહ પૂજન** દશદિક્‌પાલપૂજન ચોવીશ તીર્થંકરોના યક્ષ - યક્ષિણીઓના મંત્ર તથા તેઓનું પૂજન છે અને નવગ્રહાદિકને નૈવેદ્ય ધરવા વગેરેની વ્યાખ્યા છે અને પ્રતિષ્ટિત મંત્રકલ્પમાં ઘંટાકર્ણવીરની મંત્રયંત્રવાળી થાળી અને તેને સુખડી ધરાવવાની વિધિની પ્રક્રિયા આજ સુધી તપાગચ્છ જૈનોમાં પ્રવર્તે છે.

---

* ઘંટાકર્ણકલ્પ - પાટણના ત્રીજા નંબરના ભંડારમાં ઠા. ફોફલીયા પાડાના આગલી શેરીનો ભંડાર શા. હાલાભાઈની દેખરેખમાં છે. તેમાં તથા પુના ડેક્કન કોલેજના (એ. સોના જર્નલમાં) તથા સુરત જૈન આનંદ પુસ્તકાલયના લીસ્ટમાં નંબર ૫૯૫-૫૯૯ પુર્વાચાર્યોના લખેલા તૈયાર પડયા છે. તપાગચ્છમાં દરેક પ્રતિષ્ઠામાં ઘંટાકર્ણ યંત્ર સ્થાપવામાં આવે છે.

અમારા પૂર્વાચાર્યોએ, મુનિવરોએપ્રતિષ્ઠાકલ્પમાંઘંટાકર્ણવીરનીસહાયતા તથ માન્યતાને સ્વીકારેલી છે. તેથી અમો પણ અમારા પૂર્વાચાર્યોના પરંપરાગમને



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

માન્ય કરી ને ઘંટાકર્ણવીરની શાસનવીરની શાસનદેવવીર તરીકે માનીએ છીએ અને મહુડીના સંઘે ઘંટાકર્ણની મૂર્તિ બનાવી અને અમોએ તેની પ્રતિષ્ઠા કરી છે.

જૈનશાસ્ત્રોમાં જૈનોના સોળ સંસ્કારના મંત્રો છે. તે મંત્રપ્રવાદ નામના પૂર્વમાંથી ઉધ્ધૃત કરેલ છે અને તેઓના નિગમશાસ્ત્રોમાં સમાવેશ થાય છે.

અનાદિકાળથી દરેક તીર્થંકરના વખતમાં સાધુઓના આચારનાં અને તત્ત્વજ્ઞાનમય આગમ - શાસ્ત્રો અને ચૌદ પૂર્વના મંત્રાદિ ભાગના તથા ગૃહસ્થ ધર્મના સંસ્કાર આદિ ધર્મપ્રરૂપનારાં નિગમશાસ્ત્રો પ્રવર્ત્યા કરે છે, અને જૈનો તે બન્નેને પ્રમાણભૂત માને છે.

શ્રી ઋષભદેવ પ્રભુના વખતમાં ભરત રાજાએ જે ચાર વેદો રચ્યા હતા, તેઓનો નિગમશાસ્ત્રોમાં સમાવેશ થાય છે અને મંત્રપ્રવાદ માંથી ઉધ્ધૃતમંત્રો તથા પૂર્વાચાર્યોએ દેવોને પ્રત્યક્ષ કરી જે મંત્રકલ્પો રચ્યા છે, તે સર્વ મંત્રશાસ્ત્રોનો પણ અપેક્ષાએ નિગમશાસ્ત્રોમાં સમાવેશ થાય છે. તેનો મંત્રભાગ અધિકારીઓ આગળ ગુરુઓ પ્રકાશિત કરે છે અને ગુરુ પરંપરાગમે ચાલ્યો આવે છે. હાલ તે પરંપરાગમમાં સમાવેશ પામે છે.

જૈનાચાર્યો મિથ્યાત્વીદેવોને પણ સમકિતી બનાવે છે અને તેઓને જૈનશાસન ગચ્છના રક્ષક તરીકે નીમી શકે છે. **શત્રુંજય** માહાત્મ્યમાં શત્રુંજય પર સ્થાપિત કદર્પી યક્ષ મિથ્યાત્વી થઈ ગયો હતો તેને વજ્ર સ્વામીએ ઉઠાડી મૂકી અને બીજા કદર્પી યક્ષને બોલાવી જૈનધર્મનો શ્રદ્ધાળુ સમકિતી બનાવી શત્રુંજય પર સ્થાપિત કર્યો છે.

**શ્રી આનંદ વિમલસૂરીએ** શ્રી માણિભદ્રવીરની સ્થાપના કરી છે પાલણપુર પાસે મગરવાડામાં તથા વિજાપુર પાસે આગલોડ ગામમાં છે. માણિભદ્રવીરનું આગલોડમાં ગામ બહાર મોટું મંદિર છે. તેનું વિજાપુર - વૃત્તાંતમાં સવિસ્તાર વર્ણન છે.

પુર્વાચાર્યોએ તપ તપી, મંત્ર આરાધી, નવીન માણિભદ્રવીર વગેરેને પણ સમકિતી કરી જૈનશાસનદેવ તરીકે સ્થાપિત કર્યા છે. તેથી જૈનો પરંપરાગમને માન્ય રાખી નવીન શાસનરક્ષકવીર વગેરેને આજ દિન સુધી માને છે અને પૂજે છે.

જૈનાગામોમાં મુખ્યતાએ તત્વજ્ઞાન અને મોક્ષારાધન તથા સાધુના આચાર વગેરેની મુખ્યતા છે અને મંત્રશાસ્ત્રોમાં મંત્રકલ્પની મુખ્યતા છે. આગમોમાં આજ કારણથી **ॐकार ह्रींकार** આદિ બીજમંત્રો વગેરેની વ્યાખ્યાઓ દેખાતી નથી.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પૂર્વાચાર્યો મોટા ભાગે મંત્રશાસ્ત્રોનો ભાગ તો ગુપ્ત રાખતા હતા. અને સ્વશિષ્યોને પણ લાયક જાણીને તેઓને ખાનગીમાં મંત્રનું રહસ્ય આપતા હતા. મંત્ર શાસ્ત્રોને ભંડારમાં ગોઠવી રાખતા હતા કે જેથી તેનો અધિકાર પુરુષ તેનો ઉપયોગ કરી શકે.

સર્વદર્શનધર્મ શાસ્ત્રોમાં મંત્રશાસ્ત્ર વિભાગ છે. અને તેને સર્વ દર્શનધર્મવાળાઓ શ્રદ્ધાથી માન્ય કરે છે. જૈનો જૈનમંત્ર શાસ્ત્રોને અને શાસનદેવોના મંત્રોને માન્ય કરે છે અને જૈનશાસનના અધિષ્ઠાયક વીર દેવ, યક્ષ વગેરેને માને છે, પૂજે છે, કારણ તે સમ્યગ્દૃષ્ટિ જૈન ધર્મી દેવતાઓ છે; તેથી તેઓનેજૈનો સાધર્મિકબંધુ દેવ તરીકે માને છે .

જૈનોના સર્વ જૈનમંદિરો જુઓ. તેમાં શ્રી **સિદ્ધસેનસૂરિકૃત** પ્રવચન સારોદ્ધાર આદિ ગ્રંથોના આધારે મૂળનાયક તીર્થંકરના યક્ષયક્ષિણી વગેરેનું સ્થાપન હોય છે. પ્રભુની પ્રતિમાની નીચે દેવી હોય છે. બહારના મંડપના ગોખલાઓમાં અનેક પ્રકારનાં શસ્ત્રધારક યક્ષયક્ષિણીની મૂર્તિઓ મંત્રથી પ્રતિષ્ઠિત કરેલ હોય છે, આવો પ્રચાર પ્રાચીનકાલથી શાસ્ત્રોના આધારે સિદ્ધ થાય છે.

ચક્રેશ્વરી, પદ્માવતી, અંબિકા, કાલી, માણિભદ્રવીર, ઘંટાકર્ણવીર, વિમલેશ્વર યક્ષ વગેરે નામો તો જૈનોનાં નાના બાળકો પણ જાણી શકે છે.

જૈનધર્મ મહાપ્રભાવક સહસ્ત્રાવધાની **શ્રી મુનિચંદ્ર સૂરિએ સંતિકરંની** રચના કરી છે અને તેમાં દેવોની અને દેવિઓની સિદ્ધિ કરી છે. દેવો જો અને દેવિઓ સહાય ન કરતા હોય તો **શ્રી ભદ્રબાહુ સ્વામી** જેવા ઉવસગ્ગહરં ના સ્તોત્રની રચના કરત જ નહીં.

શ્રી મહાવીર પ્રભુનેમુનિદશામાં ઈન્દ્રે સહાય આપવા જણાવી હતી. હવે તે સહાય લેવી યા ન લેવી તે મરજી પર આધાર રાખે છે. સિદ્ધાર્થ વ્યંતરોએ મહાવીર પ્રભુનો મહિમા વધારવા પ્રવૃત્તિ કરી હતી.

**શ્રીપાલરાજાએ** સિદ્ધચક્ર મંત્રયંત્રની આરાધના કરી હતી, તેથી તેમને દેવોએ સહાય કરી હતી.

મંત્રમાં મેસ્મેરિઝંમ, હિપ્નોટીઝમ જેવી શકિત છે અને તે મંત્રના પ્રેર્યા દેવો આવે છે અને સહાય કરે છે.

પૂર્વાચાર્યોની સ્થવિરાવલી કે પટ્ટાવલી કલ્પસૂત્રના પ્રાંત ભાગમાં છે. તેમાં પણ પૂર્વાચાર્યોએ અનેક શાસનદેવોની મદદથી અનેક ચમત્કારો બતાવ્યાના દૃષ્ટાંતો મોજુદ છે.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સનાતની જૈનો ઉપર્યુક્ત બાબતને સત્ય માને છે. જૈનો ચાર પ્રકારના દેવોને જૈનશાસ્ત્રના આધાર માને છે. ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એ ચાર પ્રકાર દેવો છે. તેમાં વૈમાનિક દેવો તો અહિંથી એક રાજલોક છે, તેમાં પ્રથમ બાર દેવલોકનાં વિમાનો છે, તેના ઉપર નવગ્રૈવેયક દેવોનાં વિમાનો છે, તેના ઉપર પાંચ અનુત્તર વિમાનોના દેવો છે અને તેના ઉપર સિદ્ધશીલા છે. તે ઉપર સિદ્ધ પરમાત્માઓ રહે છે.

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓનાં વિમાનો કે જે આકાશમાં દેખાય છે, તેઓમાં જ્યોતિષી દેવદેવિઓ રહે છે અને ભુવનપતિના દેવો આ પૃથ્વીની નીચે રહે છે.

અહિંથી દશ યોજન નીચે કોઈપણ ઠેકાણે ઉપર વ્યંતર દેવો રહે છે.

એ ચાર પ્રકારના દેવોમાં કેટલાક સમકિતી હોય છે અને કેટલાક મિથ્યાત્વી હોય છે. ચોસઠ ઈન્દ્રો તો સમક્તી છે, નવ ગ્રહોને અને દશ દિક્પાલોને જૈનો, પૌરાણિક હિન્દુઓ અને બૌદ્ધો માને છે પણ તેમાં જૈનો, જૈનશાસ્ત્રોના આધારે નવગ્રહાદિકને સમકિતી માને છે.

આ ચારે પ્રકારના દેવોનું **સંગ્રહણી** વગેરે સૂત્રોમાં વિસ્તારથી વર્ણન છે. ચાર પ્રકારના મિથ્યાત્વી દેવો પણ પૂર્વધર મુનિ, યોગી મહાત્માઓના ઉપદેશથી સમકિતી બન્યા છે

બાવન વીરો અને ચોસઠ યોગિનીઓ પૈકી કોઇને જૈનમુનિઓ મંત્રથી પ્રત્યક્ષ કરી બોધ આપીને જૈન દેવગુરુ ધર્મ શ્રદ્ધાવાળા કરીને તેને જૈનશાસન રક્ષક તરીકે સ્થાપી શકે છે. અને તેઓ સ્વધર્મી જૈન બંધુઓને પ્રસંગોપાત યથાશક્તિ મદદ કરી શકે છે તેમ શ્રી ઘંટાકર્ણવીર દેવને પણ આપણા પૂર્વાચાર્યે મંત્રથી આરાધીને પ્રત્યક્ષ કરી જૈન ધર્મનો બોધ આપીને સમકિતી બનાવ્યા છે અને તેમને જૈનપ્રતિષ્ઠા વિધિમંત્રમાં દાખલ કર્યા છે.

પૂર્વકાલીન અથવા અર્વાચીન જૈનઆચાર્યોએ એ રીતે અનેક દેવોને ધર્મરાગી બનાવ્યા છે, તેથી જૈનો જૈન શાસનદેવોને સ્વધર્મી બંધુવત્ માને છે. પૂજે છે અને સંસારની ધર્મયાત્રામાં મદદ માટે શાંતિસ્નાત્રના મંત્રોની પેઠે વિનવે છે. આવી પૂર્વાચાર્યની પરંપરાગમની પ્રણાલિકાને માન્ય રાખીને જૈનો ઘંટાકર્ણ-વીરને ધૂપ દીપ કરે છે.

ઘંટાકર્ણવીર ચોથા ગુણસ્થાનકવાળા દેવ છે, તેથી તે ગૃહસ્થ જૈન શ્રાવકના સમકિતી બંધુ ઠર્યા. તેમની આગળ સુખડી ધરીને જૈનો ખાય છે, કારણકે ઘંટાકર્ણ



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

વીર શ્રાવક હોવાથી શ્રાવક જેમ શ્રાવકનું ખાય છે, તેમ તે શ્રાવક હોવાથી ગૃહસ્થ જૈનો તેમની સુખડી ખાય છે.

જૈન મુનિઓ, યતિઓ, શ્રી પૂજ્યો, શ્રાવકો ઘંટાકર્ણવીરના મંત્ર આરાધે છે. ઘંટાકર્ણ મંત્રનો જાપ કરે છે. કેટલાક યતિઓએ ઘંટાકર્ણવીરના મંત્રથી સર્પ વિંછી વગેરેનાં વિષ ઉતાર્યાં છે, એવું મેં પ્રત્યક્ષ દેખ્યું છે તથા કેટલાકને ઘંટાકર્ણવીરનો મંત્ર સાધીને ચોથીઓ જ્વર ઉતર્યો હતો અને વિછીનું વિષ ઉતર્યું છે, તેનો મને અનુભવ થાય છે. જેને શ્રદ્ધા હોય અને જે પરસ્ત્રી ત્યાગી હોય તેને થાય છે.

ઘંટાકર્ણવીરને નવગ્રહોની પેઠે જૈનો અને હિન્દુઓ બન્ને માને છે અને બન્ને તેની આરાધના કરે છે.ઘંટાકર્ણ મહાવીરના મંત્રકલ્પ બે ત્રણ જાતના છે.અને તેમાં કયા ક્યા કાર્ય પર તે મંત્ર પ્રવર્તે છે,તે તેમાં વિધિપૂર્વક જણાવ્યું છે.

અમારા પરમ તારક ગુરુ મહારાજ શ્રી રવિસાગરજીએ મને વિ. સં. ૧૯૫૪ના ફાગણ માસમાં ઘંટાકર્ણ મંત્રની ગુરુગમતા આપી હતી.

જૈનસાધુઓ પૈકી ઘણાખરા ઘંટાકર્ણવીર મંત્રની આરાધના કરે છે. ઘંટાકર્ણની મંત્રસ્થાલી અમદાવાદ, વિજાપુર વગેરે જે જે સ્થાને પ્રતિષ્ઠા કરનારા જૈનો છે, તેઓને ત્યાં હોય છે.

આપણે જેમ આત્માઓ છીએ અને પરસ્પર એકબીજાને મદદ કરીએ છીએ, તેમ ચારે પ્રકારના દેવતાઓ પણ આત્માઓ છે, તેઓ પણ આપણને ધર્માદિકસંગથી અથવા મંત્રારાધનયોગથી મદદ કરે છે, આપણા પૂર્વકૃત કર્મના ઉદયમાં તે નિમિત્ત હેતુ થાય છે.

શ્રી ઉમાસ્વાતિવાચકે તત્વાર્થ સૂત્રમાં **परस्परोपग्रहो जीवानाम्**એ સૂત્ર રચી તેમાં જણાંવ્યું છે કે, સંસારી સર્વજીવોને પરસ્પર એક બીજાનો ઉપકાર થાય છે. દેવો, મનુષ્યો, તિર્યંચો વગેરે સર્વ એક બીજા પર અનેક રીતે ઉપકાર, સહાય મદદ કરી શકે છે. તેમ તત્વાર્થ સૂત્રથી સિદ્ધ થાય છે.

સમકિતી જૈનો હાલ દુનિયામાં એકલા સમકિતી મનુષ્યોની મદદથી જીવી શકતા નથી. તેઓ હિંદુ, મુસલમાન વગેરેની મદદ સહાય અને ઉપકારથી પોતાનાં દુઃખ ટાળી શકે છે. અને આજીવિકા ચલાવી શકે છે. તેથી કંઇ તેઓને મિથ્યાત્વ લાગતું નથી, કારણ કે જૈનો જાણે છે કે અન્યધર્મીઓ તે કંઇ વીતરાગદેવ નથી, તે પ્રમાણે જૈન ગૃહસ્થોને પણ વીતરાગદેવ-સર્વજ્ઞ દેવ તરીકે જાણીતા નથી, તે પ્રમાણે તેઓ શાસનદેવોને સમાનધર્મી મનુષ્યોની પેઠે જાણે અને તેમને ધૂપ દીપ કરે છે, સ્તવે છે, પણ તેઓને સર્વજ્ઞ વીતરાગ અરિહંતદેવ તરીકે નહી



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

માનતા હોવાથી ઘંટાકર્ણવીર વગેરેને માનનારા તેવી દૃષ્ટિવાળા જૈનોને લોકોત્તર મિથ્યાત્વ લાગતું નથી. જે જેવા હોય તેને તેવા માનવાથી મિથ્યાત્વ લાગતું નથી

જૈનો અરિહંતને વીતરાગદેવ પ્રભુ પરમાત્મા માને છે અને શાસનદેવોને સ્વધર્મી બંધુ માની પૂજે છે; તેથી તેમને મિથ્યાત્વ લાગતુ નથી.

શિષ્યનો પ્રશ્ન-દરેક પ્રાણીને પોતાના શુભાશુભ કર્મના અનુસારે સુખદુ:ખ થાય છે. તેમાં દેવતાઓની સહાય થાય તો પછી શુભાશુભ કર્મ પ્રમાણે સુખદુ:ખ થાય છે, એમ કેવી રીતે કહી શકાય ? અને શુભાશુભ કર્મ પ્રમાણે જ સુખદુ:ખ થાય છે, તો પછી શાસનદેવોની માન્યતા-પૂજાની શી જરૂર છે ?

ગુરૂ-સર્વ જીવોને સ્વકર્માનુસારે શુભાશુભ સુખદુ:ખ ફળમાં કર્મ છે, તે ઉપાદાન કારણ છે અને શાસનદેવો મનુષ્યો વગેરે નિમિત્તકારણો છે.

જેવું ઉપાદાન શુભાશુભ કર્મ હોય છે, તેના ઉદય પ્રમાણે નિમિત્ત કારણોના પણ તેવા સંયોગો મળે છે. શુભાશુભ કર્મફળ વેદવામાં જીવો અને અજીવો નિમિત્તિકારણ થાય છે, ને મનુષ્યો દેવગુરૂધર્મની આરાધના કરે છે. તપ, જપ, સંયમ, દયા, દાન, વ્રત, નિયમ, ધારણા, ધ્યાન, સમાધિની પ્રવૃત્તિ કરે છે, સદ્ગુણોની અને સદાચારની આરાધના કરે છે, શ્રાવકધર્મની દૃઢશ્રદ્ધાથી આરાધના કરે છે.

વીતરાગ પરમાત્મા કે જે કેવલજ્ઞાની છે, સુરાસુરેન્દ્ર વડે પૂજ્ય છે, અઢાર દોષ રહિત છે, તેને સુદેવ માને છે અને ધર્મમાં સ્થિર રહે છે, તેઓને ધર્મ કરતાં સંકટ વિપત્તિ પડતા તેઓના શ્રદ્ધા ગુણથી શાસનદેવો ખેંચાઈને પોતાની ફરજ અદા કરીને મદદ કરે છે.

એવા ધર્મી મનુષ્યોના અનિકાચિત કર્મોદયને હઠાવે છે અને તેમાં પણ દેવો સહાય કરી નિમિત્તકારણ બને છે. પણ જ્યાં નિકાચિત કર્મોદય હોય, ત્યાં દેવોની સહાય મદદરૂપ થતી નથી અને તપ સંયમ કરવા છતાંપણ શ્રી મહાવીર પ્રભુને અનેક ઉપસર્ગો વેઠવા પડયા તેમ વેઠવા પડે છે. તેમાં પોતાનું અને દેવોનું કશું ચાલતું નથી.

ગાંધીજીએ વિ. સં. ૧૯૭૮ માં હિન્દીઓને સ્વરાજ મળશે એમ કહ્યું હતું. પણ હિંદીઓનાં હજી સ્વરાજ્ય પ્રાપ્તિમાં નિકાચિત કર્મો છે, ત્યાં સુધી તેમને સ્વરાજ મળી શક્વાનું નથી. વિ.સં.૧૯૭૮માં સર્વે હિંદીઓ મોટા ભાગે એવાવિશ્વાસી બની ગયા હતા કે હિંદને સ્વરાજ્ય ગાંધીજી અપાવશે પણ તેમ બની શક્યું નહીં. તેમાં હિંદીઓનાં નિકાચિત કર્મનો ઉદય કારણ છે. અને



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ગાંધીજીની ઈચ્છા થતાં તે હજી સુધી સ્વરાજ્ય અપાવી શક્યા નહીં, તેમાં તે બાબત સંબંધી ગાંધીજીનું પણ નિકાચિત કર્મ છે.

નિકાચિત કર્મ એવાં છે કે તે ભોગવવાં પડે છે. અનિકાચિત કર્મોનો તો તપ, સંયમ, ભાવ, ધ્યાન વગેરેથી નાશ થાય છે, પણ ઉત્કૃષ્ટાભાંગે બાંધેલા નિકાચિત કર્મો તો અવશ્ય ભોગવવાં પડે છે, અને તેથી પ્રભુ **મહાવીરદેવ** પણ બચ્યા નથી.

પ્રભુ **મહાવીરદેવને** અશુભ કર્મનો ઉદય હતો, ત્યાં સુધી અશુભ નિમિત્તનાં સંયોગો મળ્યા હતા અને જ્યારે શુભ કર્મનો તેમને ઉદય થયો, ત્યારે ઈન્દ્રાદિકદેવો સાતા પૂછવા આવ્યા.

**ગૌતમબુદ્ધને** જ્યારે ખીલો વાગ્યો અને તેથી તેમનો પગ વિંધાઈ ગયો, ત્યારે તેમના શિષ્યોએ પૂછ્યું કે, તેમને કયા કર્મથી ખીલો વાગ્યો ? ત્યારે ગૌતમબુધ્ધે કહ્યું કે, અહીંથી એકાણુંમા ભવમાં એક મનુષ્યને વીંધી નાખ્યો, તે વખતે કર્મ બાંધ્યું તેના ઉદયથી હાલ પગે વિંધાયો છું.

મનુષ્ય જો કોઈને પગમાં, હાથમાં, પેટમાં જ્યાં જ્યાં જેવી જાતની વેદના કરે છે, તેને તેથી ત્યાં ત્યાં તેવી વેદના ભોગવવી પડે છે. **શ્રીપાલરાજાને** કોઢ થયો પણ શુભકર્મનો ઉદય આવવાનો હતો તેથી નવપદ સિદ્ધચક્રની આરાધના થઈ.

શુભ કર્મ, તપ, જપ, સંયમ, દાન, ધ્યાન કરવાથી પૂર્વભવનાં કરેલાં કર્મનો ક્ષય થાય છે અને પાપકર્મ પણ પુણ્ય કર્મના રૂપમાં ફેરવાઈ જાય છે અને કર્મના અનિકાચિત કર્મોદયનો પણ નાશ થાય છે; તે પ્રમાણે **શ્રીપાલરાજાને** થયું. અને તેમનો કોઢરોગ ટળી ગયો અને શુભકર્મનો ઉદય થવાનો પ્રસંગ આવ્યો.

જ્યારે ઈન્દ્રે, હરિણગમેષી દેવને કહ્યું કે, તમો દેવાનંદાની કૂખેથી **પ્રભુમહાવીર** ને શ્રીત્રિશાલારાણીની કૂખમાં મૂકો, ત્યારે હરિણગમેષીદેવે તે પ્રમાણે કર્યું. તેથી તેમાં પ્રભુ **મહાવીરદેવને** શુભકર્મોદયમાં દેવોની સહાય મળી એમ સિદ્ધ થાય છે જ. જ્યારે **મહાવીરપ્રભુને** તીર્થંકર નામ કર્મોદય પ્રગટયો, ત્યારે દેવોએ સમવસરણની રચના કરી અને પ્રભુને પૂજ્યા, સેવ્યા.

**સગરચક્રવર્તીના** સાઠહજાર પુત્રોએ અશુભકર્મ બાંધ્યું હતું, તેથી ભુવનપતિદેવ સાઠહજાર પુત્રોને બાળી ભસ્મ કરી દીધા. જ્યારે શ્રીકૃષ્ણની દ્વારિકાનગરી બાળવાનો પ્રસંગ આવ્યો. ત્યારે શ્રીકૃષ્ણથી પણ તે બચાવી શકાઈ નહીં.

વિષ્ણુ પુરાણના આધારે જુઓ કે, શ્રીકૃષ્ણે દેહનો ત્યાગ કર્યો અને અર્જુન શ્રીકૃષ્ણની ગોપીઓને લઈ હસ્તિનાપુર તરફ જતા હતા, ત્યારે વચમાં અર્જુનને



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

કાબાઓએ લૂંટયા. **અર્જુન** બાણાવળી ગણાતો હતો તો પણ તેનું બાણ કાર્ય કરી શક્યું નહીં અને ગોપીઓએ કહ્યું કે દ્રૌપદી અર્જુન વગેરેને સહાય કરનાર કૃષ્ણ!સહાયે આવ !પણ કૃષ્ણ આવ્યા નહીં અને ગોપીઓને કાબા પોતાના ઘરમાં લઈ ગયા.

હિંદ વિ.સં.૧૯૭૮માં ગાંધીજીનું રાગી હતું, તો પણ સરકારે ગાંધીજીને અશુભ કર્મના ઉદયથી કેદમાં નાખ્યા અને શુભ કર્મોદય થયો ત્યારે કેદમાંથી છૂટયા, તેમાં શુભાશુભકર્મોદય સુખદુ:ખ ફળમાં દેવો,મનુષ્યો વગેરે જીવો નિમિત્તહેતુ થાય છે.

એવા કર્મના સનાતન સિદ્ધાંતને જૈન, હિંદુઓ, બૌદ્ધો માન્ય કરે છે.તે પ્રમાણે ચાર નિકાય દેવો પણ અન્ય જીવોને સુખદુ:ખમાં નિમિત્ત કારણ બને છે. એમ જણાવીને હવે દેવો ભક્તોને ભક્તોના કર્માનુસારે સહાય કરનાર થાય છે, તે વાત જૈનશાસ્ત્રોના આધારે જણાવું છું.

ત્રિષષ્ટીશલાકાપુરુષ ચરિત્રમાં જુઓ;શ્રી **કૃષ્ણે** અઠમતપ કરીને દેવની આરાધના કરી અને દેવ પ્રત્યક્ષ થયો. ભરતચક્રવર્તી એ અઠમતપ કરી દેવ પ્રત્યક્ષ કર્યો.

**રાવણે** વિદ્યાની સાધના કરી ને તેને વિદ્યાઓ સિદ્ધ થઈ. પૂર્વભવના રાગથી વજસ્વામીને તેના મિત્રદેવે વિદ્યાઓ આપી. **શ્રી હેમચંદ્રાચાર્યે** ગિરનારમાં દેવીની આરાધના કરી તે દેવીએ વરદાન આપ્યું.

**શ્રી વિમળશાહ** દંડનાયકે કુંભારીયામાં અંબિકાદેવીની આરાધના કરી અને **વિમળશાહને** અંબિકાદેવીએ રાજ્ય કરવામાં તથા દેરાસર બંધાવવામાં સહાય કરી.

**શ્રી પ્રિયગુંસૂરિએ** બોકડામાં અંબિકાદેવીને ઉતારી બોલાવી પશુયજ્ઞ બંધ કર્યો. **શ્રીકૃષ્ણને** દેવે રોગ હરનારી ભેરી આપી.

શ્રી ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનને કમઠ - મેદમાલીદેવે ઉપસર્ગ કર્યો, ત્યારે ધરણેન્દ્રદેવે અને પદ્માવતીએ આવીને સહાય કરી; એમ કલ્પસૂત્રમાં જણાવ્યું છે.

**હિરવિજયસૂરિને** શાસનદેવોની સહાય હતી. **શ્રી જિનદત્તસૂરિને** શાસનદેવોની સહાય હતી.

**ઉત્તરાધ્યયન સૂત્રમાં હરિકેશી** ચંડાલ સાધુ થયા, તેમને યજ્ઞશાળામાં ભીખ માગતાં બ્રાહ્મણો મારવા ઉઠયા. ત્યારે યક્ષે પ્રગટ થઈને હરિકેશીને સહાય કરી.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

**કોણિકરાજાને** યુદ્ધમાં દેવે સહાય કરી હતી.

**જંબૂસ્વામીના** રાસમાં શ્રી **યશોવિજયજી** ઉપાધ્યાયે લખ્યું છે કે, મેં ગંગાના કાંઠા પર સરસ્વતીની આરાધના કરી અને તેથી સરસ્વતીએ પ્રત્યક્ષ આવી વરદાન આપ્યું.

શ્રી **બપ્પભટ્ટસૂરિને** સરસ્વતીએ પ્રત્યક્ષ થઈ વરદાનની વાત **પ્રભાવક ચરિત્રમાં** છે.

દક્ષિણના **શિવાજીને** દેવીની સહાય હતી.

શ્રી **કુમારપાળ** રાજાને શ્રી **હેમચંદ્રાચાર્યે** દેવ મારફત સહાય અપાવી હતી. સોળ સતીઓ પૈકી ઘણી સતીઓને દેવોએ સહાય કરી હતી. એમ જૈનશાસ્ત્રોમાં દેવોની, યક્ષોની, વીરોની સહાયતાના અનેક દાખલાઓ મળી આવે છે.

જેનાં તીવ્ર નિકાચિત કર્મ છે અને તપ, જપ, સંયમ, શ્રદ્ધામાં ઉત્કૃષ્ટા નથી, તેઓને દેવોની આરાધના સિદ્ધ પણ થતી નથી.

અમદાવાદના નગરશેઠ **શાંતિદાસનો** પુણ્ય ઉદય થવા આવ્યો, ત્યારે દેવની સહાય મળી. એમ અનેક દાખલાઓથી સિદ્ધ થાય છે કે, જ્યારે શુભકર્મનો ઉદય થવાનો હોય છે, ત્યારે દેવગુરુની ભક્તિસેવામાં ચિત્ત જોડાય છે અને તેથી શાસનદેવોની સહાય પણ મળે છે.

**પ્રશ્ન - શ્રી** વીતરાગદેવ અરિહંત તીર્થંકર હોય છે, એવા શ્રી કેશરીઆજી, શ્રી આદીશ્વર, શ્રી મલ્લિનાથ, શ્રી પાનસરા મહાવીર, શ્રી શંખેશ્વર, પાર્શ્વનાથ વગેરે તીર્થંકરો, રાગ દ્વેષરહિત હોય છે. તેઓ ભક્તોને સહાય કરવાને સિદ્ધસ્થાનમાંથી અહીં આવતા નથી તો પછી કેટલાક ભક્તજૈનો કહે છે કે મલ્લિનાથે ગાડું ચલાવ્યું, અમુકનું અમુક કાર્ય સિદ્ધ કર્યું. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથે અમુક ચમત્કાર દેખાડયો. શ્રી કેશરીયાજીએ સદાશિવની ફોજને ભમરા છોડી હઠાવી દીધી. - ઈત્યાદિ ચમત્કારો જે જે સંભાળાય છે તે કોણે કર્યા ?

**ઉત્તર** :- ભોયણી - મલ્લિનાથ, પાનસરા - મહાવીર, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, કેશરીઆજી, મહુડી - પદ્મપ્રભુ વગેરેના નામે જે ચમત્કારો સંભાળાય છે, તે તે પ્રભુના ભક્તરાગી શાસનદેવોએ કરેલા ચમત્કારો જાણવા.

વીતરાગદેવ તો રાગ દ્વેષ રહિત છે તે કંઈ સિદ્ધસ્થાનમાંથી પાછા આવતા નથી. પણ તે દેવના રાગી ભક્ત શાસનદેવો તે તે પ્રભુની ભક્તિ કરનારાઓને - તેમની ભક્તિથી પુણ્ય વધે છે, તે પુણ્યફલ ભોગમાં સહાયક બને છે અને



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પ્રભુના નામે અને પ્રસંગે પ્રભુનું રૂપ કરીને પણ ભક્ત લોકોને દર્શન આપે છે. તેથી ભક્તો જાણે છે કે પ્રભુએ મને પ્રત્યક્ષ થઈને દર્શન આપ્યા.

કેશરીઆજીમાં ભૈરવદેવ છે. તે શ્રી કેશરીઆજીનો મહિમા વધારવા અને લોકો વડે પ્રભુની મૂર્તિ પૂજાવવા માટે બાધા - આખડીઓમાં પણ સહાય કરે છે. કોઈને નિકાચિતકર્મના ઉદયથી સહાય મળતી પણ નથી.

મહુડી શ્રી પદ્મપ્રભના અધિષ્ઠાયક તરીકે શ્રી ઘંટાકર્ણ મહાવીરની સ્થાપના કરી છે, તે પણ પ્રભુભક્તોને સહાયકારી થાય છે. તે બાબતનાં અનેક ચમત્કારો સંભળાય છે જેના શુભ કર્મનો ઉદય થવા આવે છે, તે તે બાબતમાં નિમિત્તભૂત સહાયકારી ગણાય છે.

ગાંધીજી કેદમાંથી છૂટે તે માટે એક શ્રાવક જે ગાંધીજીનો રાગી હતો, તેણે અમને વિનંતી કરી; અમે તેને અનુષ્ઠાન કરવાનું કહ્યું અને તેણે માઘ માસમાં અનુષ્ટાન કર્યું અને પછી ગાંધીજી છૂટયા. તેમાં ગાંધીજીનું છૂટવાનું પુણ્ય તે ઉપાદાન કારણ અને તેમાં અનેક નિમિત્ત સાધનો પૈકી સાધકને આ પણ એક નિમિત્ત સાધન મનમાં લાગે એમાં શ્રદ્ધાળુ ભક્તોને આશ્ચર્ય લાગતું નથી. નાસ્તિકો કે જે આ બાબતને નથી માનતા, તેઓને કંઈ આમ લખવાથી શ્રદ્ધા થતી નથી.

આસ્તિક નાસ્તિક બુદ્ધિથી જ્યાં - જ્યાં આસ્તિકોનો અને નાસ્તિકોનો સ્વાભાવ જુદો જુદો દેખાય છે. તિલક, અરવિંદ, દોષ માલવીયા વગેરે દેવોને અને પ્રભુ પરમાત્માને માને છે. તેઓ દેવ-દેવીઓની ઉપાસનાને તેમના શાસ્ત્રાનુસારે સ્વીકારે છે.

શ્રી તીર્થંકર પ્રભુના શાસનભક્ત દેવો છે, તે પ્રભુના સેવકો છે તે કંઈ પ્રભુથી મોટા નથી.રાજાના નોકરો સૈનિકોના જેવા છે.

જૈનશાસનદેવો સત્ત્વગુણી છે. તેઓની આગળ દારૂ, માંસાદિ અભક્ષ્ય, અપવિત્ર વસ્તુઓના નૈવેદ્ય ધરાવતાં નથી. શક્તિમંત્રના દેવો અને દેવીઓ અને તેઓની સેવાભક્તિનાં સાધનોથી જૈનશાસન દેવે દેવીઓના રીતરિવાજ જુદા છે અને નૈવેદ્ય, પૂજા ભક્તિ સર્વે સાત્ત્વિક આચારવાળા છે.

જૈનધર્મના તીર્થંકરોના યક્ષોના અને યક્ષિણીઓના હાથમાં અનેક પ્રકારનાં શસ્ત્રો છે. તે તેઓના ઉત્તર વૈક્રિય શરીરની અપેક્ષાએ જાણવા.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ઘંટાકર્ણ મહાવીરદેવ પહેલાં પૂર્વભવમાં એક આર્ય રાજા હતા. તે સતીઓનું અને સાધુઓનું તથા ધર્મી મનુષ્યોનું રક્ષણ કરવામાં જીવન ગાળતા હતા. દુષ્ટ રાક્ષસ જેવા મનુષ્યોના હુમલાઓથી ધર્મ પ્રજાનું રક્ષણ કરતા હતા.

કુંવારી કન્યાઓના શિયળનું રક્ષણ કરતા હતા. પાપીઓના ત્રાસને હઠાવી પ્રજાનું કલ્યાણ કરતા હતા. ધનુષ્યબાણ વડે અનેક દુષ્ટ રાજાઓ જોડે યુદ્ધ કરીને તેઓને જીત્યા અને આર્યદેશોમાં શાંતિ ફેલાવી.

તેમને સુખડી પ્રિય હતી. તેઓ અતિથિઓની સેવાભક્તિ કરતા હતા અને ઘણા શૂરા હતા. તેથી તે મરણ પામીને દેવ થયા અને બાવનવીરોમાં ત્રીશમા દેવ તરીકે તેમની ગણના થઈ.

તેઓ પૂર્વભવનાં પરોપકારી હતા. તેથી વીરના ભવમાં પણ તે બને તેટલી સહાય ધર્મી ભક્તજનોને તેઓના શુભકર્માનુસારે આપે છે.

પૂર્વભવમાં તેમના હાથમાં ધનુષ્યબાણ ખડગ હતા,તેથી તેમની મૂર્તિના હાથમાં ધનુષ્યબાણ ખડગ આપવામાં આવે છે. તે સમ્યગ્ દષ્ટિદેવ ક્ષત્રિય રાજાના જેવા આત્મા હોવાથી અને હાલ પણ તેવાં કાર્યો કરતા હોવાથી ઉત્તર વૈક્રિય શરીરની અપેક્ષાએ ધનુષ્યબાણવાળી મૂર્તિ કરાય છે.

જેમ રાજાને સર્વધર્મવાળી પ્રજા માને છે, તેમ બાવન વીરોને પણ તે સર્વના ભલાનાં રક્ષક સૈનિકોની પેઠે ભાગ લેતા હોવાથી, જૈન, હિંદુ, બૌદ્ધ વગેરે ધર્મવાળાઓ માને છે, પૂંજે છે.

ડોકટરને ડોકટરની અપેક્ષાએ માનવાથી જેમ મિથ્યાત્વ લાગતું નથી અને દવા કરાવવાથી જેમ મિથ્યાત્વ લાગતું નથી, તેમ ઘંટાકર્ણ વીરને વીર તરીકે માનવાથી અને દેવાધિદેવ વીતરાગને અરિહંત દેવ તરીકે માનીને પુજવાથી લોકોત્તર મિથ્યાત્વ લાગતું નથી..

ઘંટાકર્ણ વીર છે, તે અવિરત સમ્યગદષ્ટિદેવ છે. તે ચોથા ગુણઠાણામાં જૈન ગૃહસ્થ જેવા છે, તેથી આપણે શ્રાવકો તેમને પોતાના શ્રાવકબંધુંઓ જેવા પ્રિય ગણી તેમના ગુણોની સ્તુતિ કરીએ, તેમની મૂર્તિ આગળ ધૂપ, દીપ નૈવેધ ધરીએ, તેથી કંઈ સમકિતમાં દૂષણ લાગતું નથી. જો તેમને તીર્થંકર દેવ તરીકે માનીએ તો મિથ્યાત્વ લાગે.

જૈનો, રાજા વગેરેને પોતાના સ્વાર્થ માટે પ્રાર્થે છે, રાજા વગેરેનો વિનય કરે છે, તેથી જેમ તેઓને મિથ્યાત્વ લાગતું નથી, તેમ ઘંટાકર્ણ વગેરે શાસન યક્ષ દેવોની ધર્મ કર્મમાં સહાયતા માગવાથી લોકોત્તર મિથ્યાત્વ લાગતું નથી.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

**વંદિતાસૂત્ર**માં સમ્યગ્દૃષ્ટિદેવો સમાધિ અને બોધિ આપે છે. તે માટે કહ્યું છે કે **सम्मदिट्ठीदेवा दिंतु समाहिं च बोहिं च** સમ્યગ્ દૃષ્ટિ દેવો સમાધિ અને બોધિ આપો સમ્યગ્ દૃષ્ટિદેવો મનુષ્યોને સદ્ગુરુની અને જૈન ધર્મની જોગવાઈ કરી આપવાના સંયોગમાં મૂકે છે.

જૈન મનુષ્યો જેમ અન્યોને ઉપદેશ આપી જૈનધર્મી બનાવે છે, તેમ સમ્યગ્ દૃષ્ટિ જૈનદેવો પણ મનુષ્યને પ્રત્યક્ષ થઈ અથવા સ્વપ્નમાં ઉપદેશ આપે છે તથા ધર્મી મનુષ્યોના સમાગમમાં મનુષ્યોને લાવીને ધર્મી બનાવી દે છે.

**ઉત્તરાધ્યયન સૂત્ર**ની ટીકામાં એક આચાર્ય કાલ કરી દેવલોકમાં ગયા અને સ્વશિષ્યોના જોગ અધુરા હતા, તેને પૂર્ણ કરવા આવ્યા.છ માસ સુધી તે પોતાના સ્વસાધુ શરીરમાં રહીને શિષ્યોને પોતાની હકીકત જણાવી દેવલોકમાં ગયા. શિષ્યોના મનમાં મનુષ્યો કદિ દેવ હોય ? એવો સંશય થયો, તેથી તે અવ્યક્ત નિન્હવ તરીકે ગણાય.

સિંધુ દેશના **ઉદાયી** રાજાની **પ્રભાવતી** રાણી હતી, તે સ્વર્ગમાં ગઈ અને રાજાને પ્રિતબોધવા અહીં આવી; રાજાને સમકિતી બનાવ્યો.

એક આચાર્યનો શિષ્ય સ્વર્ગમાં ગયો અને પોતાના ગુરુની પાસે આવીને તેમને પુનઃસમકિતી બનાવ્યા.

એક દેવનો મિત્ર મનુષ્ય થયો. તે અધર્મી હતો, તેને દેવ અનેક રીતે બોધ પમાડી, સમકિતી - ચારિત્રી બનાવ્યો. **કલ્પસૂત્ર**ની ટીકાને આધારે **મહાવીર** પ્રભુના શરીરમાં પેસીને સિદ્ધાર્થ વ્યંતર લોકોની આગળ પ્રભુના મુખથી ભવિષ્ય કહેવડાવી પ્રભુનો મહિમા વધારતો હતો;- ઈત્યાદિ ચાર નિકાયના દેવોની સહાયનાં અનેક દ્રષ્ટાંતો જૈનાગમોમાં બતાવ્યા છે.

શ્રાવકો પ્રતિક્રમણમાં ચાર થોયો કહે છે. તેમાં ચોથી થોયમાં દેવ દેવીની સ્તુતિ આવે છે અને તેમાં દેવ દેવીની સહાયતાની વાત આવે છે.

પ્રતિષ્ઠા અંજનશલાકા વિધિમાં મંત્રોની ક્રિયામાં જૈન શાસન દેવોની અને તેના વિઘ્નનિવારણ કરવા માટે સહાયતા કરવાની વાત આવે છે. તેથી તેવી રીતે ઘંટાકર્ણ મહાવીરની સ્તુતિ કરતાં અને ધુપ, દીપ નૈવેદ્ય કરતાં લોકોત્તર મિથ્યાત્વ લાગતું નથી, એમ આપણા પૂર્વાચાર્યોની શૈલીથી પણ સમજાય છે.

આપણા આર્વાચીન આચાર્યોને જો ઘંટાકર્ણવીરની સુખડી વગેરે ધરવામાં તથા તેમની સ્વરક્ષાની સહાયતાની માન્યતામાં મિથ્યાત્વ જણાયું હોત તો તેઓ



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પ્રતિષ્ઠા વિધિમાં ઘંટાકર્ણવીરને દાખલ કરત જ નહીં અને તેમની પૂજા કરત જ નહીં.

## ઉપયોગી સુંસાધન :

આપણા જૈનોને, શ્રાવક અને સાધુધર્મ આરાધતાં વૈદ્યો, ડૉકટરો રાજાઓ, સૈન્ય, પોલીસ મદદ કરે છે અને આપણે તેને તે તે દશાની અપેક્ષાએ સાધન માનીએ છીએ અને જિનેન્દ્રદેવ, સુગુરુ વગેરે મહાસાધન, પરમ સાધન તરીકે માનીએ, તેથી કંઈ આપણને મિથ્યાત્વ લાગી જતું નથી અને આપણે જૈનો કંઈ આડા માર્ગે જતા નથી.

કારણ કે સર્વની અનુક્રમે મહત્તા ઉપયોગીતા જાણીએ છીએ. તેમાં ડૉકટર, વૈદ્ય, સૈન્ય, સિપાઈ, રાજા વગેરે પણ અપેક્ષાએ જેમ સુસાધન છે. તેમ તીર્થંકરદેવ, સદ્‌ગુરૂદેવ પણ અપેક્ષાએ મહા સુસાધન છે,પણતે બેમાંથી ડૉકટર વૈદ્ય, પોલીસ વગેરે તીર્થંકરરૂપ મહાસાધનની અપેક્ષાએ પરંપરાએ નિમિત્ત સાધન ઉપયોગી સાધન તરીકે ગણાય છે.

તીર્થંકર દેવ, ગુરૂ અને જૈન ધર્મ નજીકના અત્યંત મહાસાધન નિમિત્ત કારણ ગણાય છે.

તીર્થંકર વીતરાગ દેવની મહાસાધનતા છે. તેથી કંઇ વૈદ્ય, રક્ષક વગેરે સહાયકારકોની કુસાધનતા ગણાતી નથી, તેમ શાસનદેવો પણ ધર્મ માર્ગમાં આત્માની શુદ્ધિ કરવાનાં,વિઘ્નનિવારણ કરનારા હોવાથી તીર્થંકર રૂપ મહા સાધનની અપેક્ષાએ તેથી ઉતરતા સુસાધન રૂપ ગણાય છે.

પણ તીર્થંકરદેવના સાધનની આગળ કુસાધન તરીકે ગણવા તે તો અજ્ઞાનતા છે. આ સાધન પાછળથી પણ અન્યોને ઉપકારી સાધન તરીકે હોવાથી પ્રવાહની અપેક્ષાએ સુસાધન જ ગણાય છે, પણ કુસાધન થઈ શકે જ નહી - એમ જૈનશાસ્ત્રો જણાવે છે.

શાસનદેવોને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે, તેથી તેઓ પોતાની પાસે આવનારાઓની દશા વિચાર જાણી શકે છે. તેથી તેઓ પરીક્ષા કરીને શ્રી પ્રભુ ભક્તોને યથાયેગ્ય સહાય કરે છે.

આવી સહાયને પ્રભુ ભક્ત જૈનો કદાચ જાણી શકે અને જાણી ન પણ શકે.

સ્વાર્થી મનુષ્યોના કરતાં પરમાર્થી દઢ જૈનોને તેઓ માગ્યા વિના પણ ગુપ્તપણે સહાય કર્યા કરે છે.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

આપણા બંધુઓ, મિત્રો, હિતસ્વીઓ જેમ પ્રેમથી આપણને ખાનગી રીતે તથા જાહેર રીતે પ્રાર્થ્યા વિના પણ મદદ કરી શકે છે. તેમ શાસનદેવો પણ જૈનાત્માઓ હોવાથી તેઓની સાથે ગૃહસ્થો સાધર્મિક સગપણનો અતિ શુદ્ધ પ્રેમ ધારણ કરે છે. તેઓ પ્રસંગોપાત ગુપ્તપણે અકસ્માત પ્રસંગે સહાય કરે છે, કે જેની તેઓને ખબર પણ પડતી નથી,

દેવ દેવી યક્ષ યક્ષિણીઓને અમુક સારૂં કાર્ય કરીશ તો તને અમુક વસ્તુ આપીશ, એવી રીતની બાધા માન્યતાથી અજ્ઞ જૈનો માને છે, પૂજે છે, પણ તે રિવાજથી જૈનો સ્વાર્થીકામ કાઢી લેનાર અજ્ઞ ઠરે છે. પણ જેઓ ધર્મમાર્ગમાં પ્રાર્થે છે, સ્તવે છે અને બાધા આખડી વિના દેવદેવીઓના મંત્રોના જાપ કરે છે અને દેવગુરુધર્મની આરાધના કરે છે, તે સ્વાલંબની મધ્યમ જૈનો જાણવા.

છઠ્ઠા ગુણઠાણા સુધી જૈન સાધુઓ, દેવોની અને દેવીઓની ચોથી થોય કહી સ્તુતિ કરે છે. સાતમા ગુણ ઠાણે પહોંચેલા મુનિઓ, દેવોની અને દેવીઓની સહાયની ઈચ્છાનો વિચાર સ્વપ્નમાંપણ કરતા નથી.

પ્રભુ મહાવીરદેવના સમયમાં નાગ સારથિની સ્ત્રી સુલસાએ પુત્રોની ઈચ્છાથી દેવની આરાધના કરી હતી, તેથી તેને દેવ બત્રીશ ગોળીઓ આપી હતી, તેથી બત્રીશ પુત્રો થયા, તે ચેલણાના હરણ વખતે મરણ પામ્યા હતા. ઉપરના દ્રષ્ટાંતોથી દેવદેવી સહાયતા કરે છે, એમ સિદ્ધ થાય છે.

## નાસ્તિક સંગ ત્યાગ :

જેઓ દેવો અને દેવીઓ, યક્ષો, વીરો વગેરેની હસ્તીનું ખંડન કરે છે, તેઓની માન્યતા જૂઠી છે. જેઓ સહાયતાનું ખંડન કરે છે, તેઓ જૈનશાસ્ત્રોની ઉત્થાપના કરે છે અને જૈન ધર્મના શત્રુ તરીકે નાસ્તિક તરીકે જાહેરમાં સિદ્ધ ઠરે છે, સમ્યગ્ દૃષ્ટિ જૈનોએ તેવા નાસ્તિકોની સંગતિ કરવી નહીં.

જેઓ જૈનશાસ્ત્રોમાં કહેલા સ્વર્ગ દેવલોકની ઉત્થાપના કરે છે, તેઓ ખુદ સર્વજ્ઞ મહાવીરની ઉત્થાપના કરે છે. સ્વર્ગ અને નરકની ઉત્થાપના કરતાં જૈનશાસ્ત્રોની અને જૈન તીર્થંકરોની ઉત્થાપના થાય છે.

## આશાતના અને કર્મ બંધન :

જૈન શાસનદેવોની નિન્દા આશાતના કરવાથી અને ગુરુઓની નિન્દા કરવાથી કુળનો ક્ષય થાય છે. પગામસજ્જાયમાં **देवाणं आसायणाए देवीणं**



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

आसायणाए એવો પાઠ છે. દેવોની અને દેવીઓની નિંદા, આશાતના અને તેઓનું ખંડન કરવાથી પાપકર્મ બંધાય છે,

શ્રી શંખેશ્વર, ભોયણી, પાનસર, કેશરીઆજી, મહુડી વગેરે ચમત્કારી તીર્થોમાં જે યાત્રાળુઓ જાય છે, તે સર્વે બાધા આખડી, પુત્ર, સ્ત્રી, લક્ષ્મીની લાલચના માર્યા જાય છે અને ફેરા ખાય છે, ઈત્યાદિ કથનારા તથા લેખકો, આર્યસમાજી જેવા તથા નાસ્તિક દોષદષ્ટિવાળા છે, તેઓ પોતાની દ્રષ્ટિ જેવા બીજાને કલ્પી લેનાર જાણવા.

## ઈષ્ટ સિદ્ધિ :

જૈનો કે જે કુળ થકી જૈનો છે, તેઓ અન્ય દર્શનીઓના તીર્થો કરતાં જૈન તીર્થોની યાત્રાએ જાય છે, તેઓને નિર્મલ સમક્તિ થવાનાં ઘણાં કારણો મળે છે અને તેઓ જિનેશ્વરદેવની ભક્તિ, તેમજ સાધુ વગેરેની ભક્તિ કરીને ત્યાં નિર્જરા તથા અનંતગણું પુણ્ય ઉપાર્જન કરે છે, તેથી ઉગ્રપુણ્ય કર્મોદયે આ ભવમાં પણ તેઓ લક્ષ્મી, પુત્ર, સ્ત્રી વગેરે વંછિત વસ્તુઓને પ્રાપ્ત કરી શકે છે.

તેઓને વાંછિતકાર્યમાં તે તે તીર્થંકરના અધિષ્ટાયક શાસનદેવો સહાય પણ કરી શકે છે. આવા ઘણા દાખલાઓ સાંભળેલા છે, તેથી તેમાં કશું આશ્ચર્ય નથી, તેમજ તેમાં જૂઠાણું નથી.

## મંત્રારાધક જૈનાચાર્યો

હાલમાં વિદ્યમાન શ્રી **વિજયનેમિસૂરિ**, શ્રી **વિજયસિદ્ધિસૂરિ**, શ્રી **સાગરાનંદસૂરિ**, શ્રી **વિજયકમલસૂરિ**, શ્રી **વિજયનીતિસૂરિ**

**શ્રી કૃપાચંદ્રસૂરિ**. વગેરે આચાર્યો, **સૂરિમંત્રનો** દરરોજ પ્રાતઃકાળમાં જાપ કરે છે.

શ્રી **મેઘવિજયજી** વગેરે પન્યાસો, **વર્ધમાનવિદ્યા ઋષિ-મંડલ મંત્ર** વગેરે કે જે દેવાધિષ્ઠિત વિદ્યામંત્રો છે, તેઓનો જાપ કરે છે. તેથી શાસનદેવો ગુપ્ત રીતે અને પ્રત્યક્ષ આવીને પણ સહાય કરે છે, એમ જૈન શાસ્ત્રોના આધારે સિદ્ધ થાય છે.

**શ્રી મોહનલાલજી** મહારાજ મને સુરતમાં કહેતા હતા કે, **જિનકુશલસૂરિ** કે જે ભુવનપતિમાં ગયા છે, તેમની મને સહાય છે અને કોઈવાર પ્રત્યક્ષ દર્શન આપે છે.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

**શ્રી યશોવિજયજી ઉપધ્યાયને સરસ્વતીદેવીએ પ્રત્યક્ષ દર્શન આપ્યું હતું અને** જ્ઞાનમાં મદદ કરી હતી. તેવા મહાપુરુષો કદાપિ જૂઠું બોલતા નથી.

## દેવ - સહાય :

આ ઉપરથી વાંચકો સમજી લેશે કે મલ્લિનાથ, પાનસરા મહાવીર, કેસરીઆજી શંખેશ્વર, મહુડી વગેરે તીર્થસ્થળના અધિષ્ટાતા દેવો ચમત્કારી છે. તેઓ તીર્થંકર પ્રભુના ભક્ત છે. તેથી સાધર્મિક જૈનોને વ્યવહારિક તથા ધાર્મિક બાબતોમાં મદદ કરી શકે છે. તેઓ સર્વ જૈનોને મદદ કરી શકે એવો કંઇ નિયમ નથી પણ તેઓ પ્રભુની સેવા - ભક્તિજન્ય પુણ્યોદય અનુસારે સહાયક થાય છે અને તે પ્રભુની સેવા - ભક્તિથી પાપ - કર્મનો અનિકાચિત કર્મોદય પણ નષ્ટ થઇ જાય છે.

શાસનદેવો રાગી અને દ્વેષી તથા બાહ્યશકિતવાળા અને વૈક્રિય શરીરી છે. તેઓ સદાકાલ તેઓની સ્થાપિત મૂર્તિઓમાં રહે છે - વાસ કરે છે, એવો કંઇ નિયમ નથી.

તેઓની મૂર્તિઓ સમક્ષ તપ વગેરે સાથે મંત્ર જપનારાઓને અવધિજ્ઞાન વડે જાણી શકે છે, અને તેઓને સ્વસ્થાને બેઠાં બેઠાં પણ સહાય કરવાની શકિત વડે સહાયક થાય છે. અને કોઈ વખતે પ્રત્યક્ષ દર્શન આપે છે. તેથી સ્વપ્નમાં પણ દર્શન આપે છે.

## પાખંડ - ત્યાગ :

દેવોના અને દેવીઓના નામે કેટલાક જુઠા લોકો પાખંડ ચલાવે છે અને માન, પૂજા, લક્ષ્મીની લાલચે " મને દેવ પ્રત્યક્ષ છે, હું અમુક કાર્ય કરી શકું છું "" એમ જુઠું કહીં લોકોને ઠગે છે તથા લોકોની આગળ ધૂણે છે તથા અમુક દેવી પાડો, બોકડો માગે છે,એમ ધૂણીને કહે છે. આવા જુઠા પાખંડી ઠગ લોકોથી કદાપિ છેતરાવું નહીં અને તેઓનું કથન સત્ય માનવું નહીં, તેમજ તેઓની સંગતિ પણ કરવી નહીં.

પાડા અને બકરા વગેરેનું માંસ દેવો અને દેવીઓ ખાતા નથી અને તેનાથી ખુશ થતા નથી, એમ જૈનશાસ્ત્રો પોકાર કરીને જણાવે છે. જૈનશાસ્ત્રો મિથ્યાત્વી દેવોથી અને દેવિઓથી અને તેઓના ભક્તોના જૂઠાણાથી દૂર રહેવાનું ફરમાવે છે.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

## પ્રેમથી વર્તો :

જૈનશાસનદેવો કે જેઓ જનસંઘના સહાયક છે અને સમકિતધર્મી છે, તેઓની સાથે સાધર્મિક બંધુની દષ્ટિએ પ્રેમથી વર્તવાનું જણાવે છે.

જૈનો જૈન મંદિરમાં પ્રવેશ કરે છે, ત્યારે શ્રી તીર્થંકર વીતરાગદેવને મૂલનાયક પ્રભુ તરીકે જાણે છે અને તેમની નીચેની દેવીને તથા ગોખલા વગેરેમાં રાખેલ યક્ષ યક્ષિણીને પ્રભુના સેવક તરીકે જાણે છે અને તીર્થંકર પરમાત્માને તેમની દિશાએ પૂજી સ્તવી ગુણો ગ્રહે છે. શાસન દેવદેવીઓને તેમના અધિકાર પ્રમાણે માને છે, પૂજે છે, તેથી જૈનોને લોકોત્તર મિથ્યાત્વ લાગતું નથી.

જે જૈનો લોટેશ્વર, મીરાંદાતાર જાય છે, તે કરતાં જે જૈનો ઉત્તમ ભાવનાથી શાસનદેવોની પાસે જાય છે, તેઓ અનેક રીતે મિથ્યાત્વ વાસનાઓથી બચી જાય છે. તેઓને જૈનોનો પરિચય રહેવાથી મૂળ સમકિત આદિના આચારમાંથી ખસી જવાનો વખત પણ આવતો નથી.

લોટેશ્વર વગેરે જનારાઓ તો મિથ્યાત્વી થઈ ગએલા દેખાયા છે, તેથી કેશરીઆજી, મહુડી વગેરે સ્થળે જનારા અને બાધા આખડી રાખનારા કે જેઓ કુળથી જૈનો છે, તેઓ મિથ્યાત્વી લોટેશ્વર વગેરે તીર્થે જનારા જૈનો કરતાં અનંતગુણા ઉત્તમ જણાવા, કારણ કે તેઓ છેવટે જૈનધર્મી રહે અને સુગુરુની જોગવાઈ મળેથી બાધા આખડીઓમાંથી પણ મુક્ત થાય છે, તેમજ બાધા આખડી રાખ્યા વિના પણ શાસનદેવીઓને માને છે, પૂજે છે.

## કુલાચારે જૈન :

જૈનોમાં એકડીયાની શાળા જેવા કુળજૈની હોય છે, તેઓ સ્વાર્થ માટે પૌદ્ગલિક ઈષ્ટ વસ્તુઓના લાભ માટે દેવદેવીઓની પ્રાર્થના કરે છે. તેઓને બાહ્યલક્ષ્મી વગેરે પદાર્થોની ઘણી જરૂર હોય છે, તેથી તેઓ તેઓની દશા પ્રમાણે તીર્થસ્થળોમાં જઈ લક્ષ્મી વગેરે મળવાની ભાવના કરે છે. તેમને ભાવના પ્રમાણે ફળની પ્રાપ્તિ પણ પુણ્યોદયે થાય છે, ભાવના એ જ સંકલ્પ છે.

## સંકલ્પ - સિદ્ધિ :

યોગશાસ્ત્રોનો નિયમ છે કે, સંકલ્પ જ કાર્ય કરે છે અને દેવો તો તેમાં નિમિત્ત માત્ર બને છે. મેસ્મેરીઝમ, હિપ્નોટીઝમ વગેરે યોગના કેટલાક ભાગને અમેરિકનોએ પ્રસિદ્ધ કર્યા છે, તેમાં શ્રદ્ધા સંકલ્પ બળથી મનુષ્ય દેવની પેઠે ચમત્કારો કરી બતાવે છે એમ જણાવ્યું છે.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તે વિદ્યાનો અમોએ અનુભવ કર્યો છે; તેથી મનુષ્યની શ્રદ્ધા વિચાર જ મનુષ્યને ફળ આપનારા થાય છે, તે પ્રમાણે જેઓને શાસન દેવ-વીરો ઉપર એવી શ્રદ્ધા છે, કે તેઓ મને અવશ્ય ફળ આપશે, તેઓને - તેઓનો શ્રદ્ધાસંકલ્પ જ્યારે ત્યારે - આ ભવમાં અને પરભવમાં સંકલ્પ અનુસારે ફળ આપે છે અને આ વાત **નિરિયાવલીસૂત્રમાં** આપેલી એક સાધ્વીની કથાથી સિદ્ધ થાય છે.

## આત્મિક સુખ માટે દેવોપાસના :

જે કુળે જૈન છે અને દેવ - ગુરૂ - ધર્મના રાગી છે, તેઓ કંઇ એકદમ એકલા મોક્ષ સુખ માટે ત્યાગી બની જતા નથી. તેઓને તો ગૃહસ્થાવાસમાં બાહ્ય વસ્તુઓ મેળવવાની ઇચ્છા છે. તેથી તેઓ દેવતાઓની સેવાભક્તિ દ્વારા ઇચ્છિત વસ્તુઓ મેળવવા પ્રયત્ન કરે છે અને તે આશાએ પ્રયત્ન કરતાં અને જૈનતત્ત્વજ્ઞાન પ્રાપ્ત થતાં છેવટે આત્મામાં સુખ માનીને શાસનદેવોને અને તીર્થંકરોને પછીથી પૌદ્ગલિક સુખ માટે પ્રાર્થના કરતા નથી.

પછીથી બાહ્ય સુખાર્થે તીર્થંકરોને માનવા કરતાં આત્મસુખાર્થે તીર્થંકરોને માને છે, પૂજે છે અને શાસન દેવોને પણ આત્મસુખાર્થે મદદકારી માને છે. આવી દશા કંઇ એકદમ પ્રાપ્ત થતી નથી.

## અનંતગુણ ઉત્તમ :

જડ સુખમાંથી આત્મસુખમાં આવતાં ઘણો કાળ વહી જાય છે. ગૃહસ્થજૈનો કેટલાક કુળાચારથી છે, તેઓને દેવગુરૂધર્મની સામગ્રી નજીક હોય છે અને જેઓ સામાન્ય જૈનધર્મના શ્રદ્ધાળુ હોય છે, તેઓ ખરેખરી રીતે મિથ્યાત્વિઓ કરતાં અનંત ગુણા ઉત્તમ છે અને તેઓ અનુક્રમે જૈનદશામાં હળવે હળવે આગળ વધે છે.

## સંશયી આત્મા :

તેઓને વિચાર પ્રવત્તિમાંથી ભ્રાંત કરી અનુત્સાહી, અવિશ્વાસી બનાવાથી તેઓ કંઇ આગળની ઉચ્ચ દશાને પ્રાપ્ત કરી શકતા નથી અને વર્તમાનદશામાં સંશયી થાય છે અને ઉલ્ટા પતિત પણ થાય છે. જેઓ જૈનશાસ્ત્રોની આવી શૈલીમાં શંકા કરે છે, તેવા સંશયીઆત્માઓ નષ્ટ થઇ જાય છે.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

લોકદષ્ટિએ મહાત્મા ગાંધી જેવાને પણ સ્વરાજ્યને પ્રાપ્ત કરવાની ઈચ્છા રહી છે. ગાંધીજી કંઇ પૌદગલિક સ્વરાજ્યની વાસનાથી રહિત થયા નથી, કારણ કે તેઓ નિવૃત્તિ માર્ગને પંસદ કરતા નથી,

તો ગૃહસ્થ જૈનો કે જેઓ ચોથા અને પાંચમાં ગુણસ્થાનકમાં છે અને જેઓને મુકિતસુખની ઈચ્છાની સાથે હજી સાંસારિક જડસુખો ભોગવવાની ઈચ્છા છે, તેઓ લક્ષ્મી, સ્ત્રી - પુત્ર, સ્વરાજ્ય વગેરેની ઈચ્છા કરે છે અને તેઓની પ્રાપ્તિ માટે શાસનદેવોની આરાધના પણ કરે તો તેથી કંઇ તેઓ જૈનશાસ્ત્રોથી વિરૂદ્ધ વર્તતા નથી.

## નિંદા ન કરો :

તેઓની નિંદા કરવી અને તેઓ પુત્રાદિક માટે તીર્થોમાં આંટા ફેરા મારે છે - ઈત્યાદિક કહેવું તે જૈનશાસ્ત્રોનું પોતાને જ્ઞાન નથી, એમ બતાવે છે અને જૈનોને જૈનતીર્થોમા જતાં અટકાવે છે, એમ સમજવું.

કોઈ પણ તીર્થ અથવા કોઈ પણ સંસ્થા થઇ એટલે તેમાં ભૂલ હોય અથવા ન હોય તોપણ તેની ટીકા, નિંદા કરવી હોય તો કરી શકાય છે; તેથી કંઇ શ્રદ્ધાળુ ભક્તોને ખરાબ અસર થતી નથી. ગૃહસ્થ જૈનો સ્વધિકારે ધર્મ પાળી શકે છે.

તીર્થસ્થળોની યાત્રાએ જનાર જૈનોએ સત્ય બોલવું, યથાશકિત સ્વાધિકારે દયા પાળવી, ચોરી કરવી નહીં, પરસ્ત્રી ત્યાગ અને સ્વદારા સંતોષરૂપ બ્રહ્મચર્ય પાળવું વગેરે વ્રતોનેજૈનો ધારણ કરે છે અને પ્રભુની યાત્રા કરીને તેવા ગુણો પ્રાપ્ત કરવાનો અભ્યાસ કરે છે અને ત્યાં સાધુઓ પણ તેઓને સદ્‌ગુણોનો ઉપદેશ આપે છે, તેથી જૈનોમાં દુર્ગુણ દુષ્ટાચાર રહેતો નથી અને હોય છે તો તેઓ અભ્યાસ કરીને દુર્ગુણ દુરાચારોનો નાશ કરે છે.

## તીર્થયાત્રા શા માટે ?

જૈનો તીર્થયાત્રાએ જાય છે અને પ્રભુના જેવા પોતાનામાં રહેલા સદ્‌ગુણોનો પ્રકાશ કરવા ઈચ્છે છે અને એવું તેઓને જૈન ગુરુઓ તરફથી જ્ઞાન મળે છે; તેથી જૈનો પુત્રાદિકની લાલસાએ ભોયણી પાનસર વગેરેની યાત્રાર્થે જતા નથી પણ પ્રભુની સેવાભક્તિ માટે જાય છે. એવા સમજીજૈનોનું ખાસ લક્ષ્યબિંદુ કે જે સમ્યગ્ દૃષ્ટિરૂપ સમક્તિથી પ્રગટેલું હોય છે, તેવા જૈનોની અને પાનસર, ભોયણી, શંખેશ્વર વગેરે તીર્થોની નિંદા કરનારા - આશાતના કરનારા નાસ્તિકોની સંગતિ કરવી નહીં,



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પૌદ્ગલિક પુત્ર, સ્ત્રી, ધન વગેરેની આશાએ જનારા જૈનો પણ પ્રભુ તીર્થંકર વગેરેની સેવા ભક્તિમાં જોડાઈને પુણ્ય બાંધે છે અને આ ભવમાં પણ તેમને પુણ્ય ફળે છે, એમ પણ બને છે. છેવટે તેઓ પૌદ્ગલિક સુખની આશારહિત રક્ત મુક્તિસુખની ઈચ્છાએ પ્રભુના સેવકો તરીકે જૈનો બને છે, માટે ગમે તેવી મિથ્યાત્વદશામાં તીર્થસ્થળમાં તથા શાસનદેવો પાસે જવામાં છેવટે આગળ ચઢવાનું થાય છે, કારણકે ત્યાંથી જ આગળનો પ્રકાશ મળે છે.

શ્રી સર્વજ્ઞે પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનક કહ્યું છે. મિથ્યાત્વ છે, તેમાંથી જ સમક્તિમાં જવાનો માર્ગ ખુલ્લો થાય છે. તેથી મિથ્યાત્વદશામાં પણ મિથ્યાત્વ ગુણસ્થાન ગણાય છે, તેવી રીતે તીર્થસ્થળોમાં સ્ત્રી પુત્રાદિકની ઈચ્છાએ જનારાઓ તથા શાસન દેવ - દેવીઓની બાધા માનનારા જૈનો પણ ત્યાંથી જ આગળનું ઉચ્ચ શિક્ષણ - વર્તન પાળવાના અનુભવને પ્રાપ્ત કરે છે; માટે **ઘંટાકર્ણ વીરાદિની** નિંદા કરનારાઓએ સત્યજ્ઞાન તથા લોકોની ધર્મ પાળવાની પદ્ધતિનો ખાસ અનુભવ કરવો જોઈએ, કે જેથી તેઓ જૈનશાસ્ત્રોથી વિરૂદ્ધ પ્રરૂપણા કરી પાપના ભાગીદાર ન બને.

( માણસા વિ. સં. ૧૯૮૦ ના **મહાવીર જન્મ કલ્યાણક** પ્રસંગે ઉજવાયેલ અને **જ્ઞાત પુત્ર મહાવીર** નામના ચોપાનિયામાં બાધા સંબંધી લખ્યું છે, તે સંબંધી જણાવવાનું કે ઘંટાકર્ણવીરની નામના નિયમોની હારમાળા લીંબોદરાના શાહ તલકચંદે છપાવી બહાર પાડી છે તે કંઈ અમારા તરફથી જણાવવામાં આવી નથી. તેથી તે સંબંધી અમો જવાબદાર નથી. )

ઘંટાકર્ણ મહાવીર યક્ષ સંબંધી પૂર્વ લખાઈ ગયું છે, તેથી હવે તે સંબંધી વિશેષ લખવાનું રહ્યું નથી. હાલના કેટલાક જૈનો, કે જેઓ રાજકીય પ્રવૃત્તિવાળા ધર્મશ્રદ્ધાચારથી કુતર્કી - નાસ્તિક - સંશયી બનેલાઓ છે, તેઓનો વિશ્વાસ કરશો તો ઠગાશો.

કેટલાક રશિયાનોના બોલ્શેવિકોના જેવા વિચારો ધરાવે છે અને હિંદનાં દરેક ધર્મના ધર્મગુરુઓનો અને ધર્મનો રિવાજોનો નાશ કરવા ઈચ્છે છે.

સાધુઓની-ત્યાગીઓની સંસ્થાઓનો નાશ કરવા હાલમાં દેશ સમાજ સુધારક દળો પૈકી ઘણા નાસ્તિક દળોની પ્રવૃત્તિ થઈ છે. તેઓ ત્યાગીઓની નિવૃત્તિને ધિક્કારે છે, તે પૈકી કેટલાક આંગ્લભાષાદિ કેળવણી પામેલાઓ છે. તેઓ જૈનશાસ્ત્રોમાં ઘણો કલ્પિત ભાગ વધી ગયો છે, એમ માને છે.

તેમાંથી કેટલાક જૈનશાસ્ત્રોમાંના સ્વર્ગ અને નરક તો પુરાણોની પેઠે પૂર્વાચાર્યે ઊભા કરેલા છે એમ માને છે, કેટલાક સુધરેલા નાસ્તિક જૈનોને સાધુઓ



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તરફ અરુચિવાળા બનાવે છે અને જૈન સાધુ – ગુરુદ્રોહી બનીને પોતાના વિચારોનું ખંડન કરનારા સાધુ – સૂરિઓની છાપાઓમાં જુઠી નિન્દા છપાવે છે.

જૈનશાસ્ત્રોથી અજ્ઞાત એવા કેટલાક ભોળા સંશયી જૈનોને પોતાના પક્ષમાં ખેચી લે છે અને તેઓ પોતાના પગ પર કુહાડો મારે છે. અને ઉભય ભ્રષ્ટ થાય છે.

**પ્રશ્ન** - કેટલાકોની એવી માન્યતા છે કે, મનુષ્ય સર્વજ્ઞ બની શકતો નથી, બહુ તો બહુજ્ઞ બની શકે છે તથા કેટલાક માને છે કે પ્રભુ મહાવીરે બ્રાહ્મણોની સામે બળવો કર્યો તેનો શો ખુલાસો છે ?

**ઉત્તર** - જૈનશાસ્ત્રોની માન્યતા છે કે મનુષ્ય રાગદ્વેષાદિક કર્મનો ક્ષય કરીને સર્વજ્ઞ વીતરાગ થઈ શકે છે. **જેમીની** આદિ મીમાંસકો 'મનુષ્ય સર્વજ્ઞ થતો નથી અને કોઈ જગતકર્તા ઈશ્વર નથી અને તે સર્વજ્ઞ નથી' એમ માને છે.

જૈનો તેવી માન્યતાને સ્વીકારતા નથી. પ્રભુ મહાવીરદેવે સર્વજ્ઞ અરિહંત થઈને સમવસરણમાં બેસીને જે મનુષ્યો વગેરે સાંભળવા આવ્યા તેઓને ઉપદેશ દીધો અને તેઓએ જૈનધર્મ અંગીકર કર્યો.

શ્રી મહાવીર પ્રભુના પહેલાં પણ પાર્શ્વનાથના સમયમાં ચારે વર્ણના મનુષ્યો જૈનધર્મ પાળતા હતા અને કેટલાક અન્ય ધર્મોને પાળતા હતા. તેમાં જેઓને જે રુચે તે ધર્મ પાળે.

પ્રભુ મહાવીર પરમાત્માએ જૈનધર્મનો ઉપદેશ આપ્યો હતો. કેટલાક શંકિત બનેલા જૈનો, પ્રભુ મહાવીર અને શ્રી પાર્શ્વનાથની પહેલાંના તીર્થંકરોને કલ્પિત ઊભા કરેલા માને છે, પણ એવી માન્યતા વાળાઓને જૈનધર્મના ઈતિહાસ પર શ્રદ્ધા ન હોવાથી પોતે ભ્રષ્ટ થયા છે અને અન્યોને નાસ્તિક કરીને ભોળા જૈનોની ત્રિશંકુ જેવી અવસ્થા કરે છે.

જ્યાં સુધી તેઓ જૈનશાસ્ત્રોના પુરા પારગામી થયા નથી, ત્યાં સુધી તેઓએ જે જે શંકાઓ થવા પામે તેનો ખુલાસો મેળવવા જૈનશાસ્ત્રો વગેરેનો પૂર્ણ અભ્યાસ કરવો, અને ગીતાર્થ ગુરુઓને પૂછવું.

અનંતકાલનો ઈતિહાસ એકદમ અવધિ આદિ જ્ઞાન થયા વિના જાણી શકાય નહીં, માટે પ્રથમ શાસ્ત્રોનો અભ્યાસ સારી રીતે કરવો કે જેથી કાલાંતરે કેટલાક ખુલાસા સહેજે આપોઆપ થઈ જાય છે.

**પ્રશ્ન** - કેટલાક કહે છે કે, શત્રુંજય – સિદ્ધાચલ તીર્થ છે તે પાછળથી થયું છે અને શ્રી કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે પણ પોતાના લખેલ ગ્રન્થમાં સિદ્ધાચલ



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પર તીર્થંકરો આવ્યા હતા એવું જણાવ્યું નથી, તે સંબંધી શો ખુલાશો છે ? હાલનો શત્રુંજય મહાત્મ્ય ગ્રન્થ છે તે પ્રાયઃ કલ્પિત છે, એમ કોઈએ પુરાતત્ત્વ માસિકમાં છપાવ્યું છે તેનું કેમ ?

**ઉત્તર - શ્રી હેમચંદ્રાચાર્યે** સ્વરચિત ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર ગ્રન્થમાં શ્રી ઋષભદેવ પ્રભુ શ્રી સિદ્ધાચલ પર્વત પર પધાર્યા તથા ત્યાં પુંડરીક ગણધર પધાર્યા તથા પુંડરગિરિ નામની સ્થાપના થઈ વગેરેનું વર્ણન કર્યું છે. **શ્રી હેમચંદ્રાચાર્યની** પૂર્વે પણ શત્રુંજય ગિરિરાજ તીર્થ તરીકે મનાતો હતો, ભરતરાજાએ સિદ્ધાચલજીનો સંઘ કાઢયો હતો. મૂળ વિપાકસૂત્રમાં પણ **जाव सत्तुंजये सिद्धे** ઈત્યાદિ પાઠ છે.

**દિગંબરો** પણ પ્રાચીન પુરાણોના આધારે સિદ્ધાચલને તીર્થ માને છે. **જાવડશાહે** શત્રુંજયનો ઉદ્ધાર કર્યો હતો, એમ પ્રાચીન પુસ્તકોથી સિદ્ધ થાય છે.

શ્રી હેમચંદ્રાચાર્યની પૂર્વના સિદ્ધાચલ પર દેરાસરો હતાં. તેની **કુમારપાલે** અને **શ્રી હેમચંદ્રાચાર્યે** સ્તવના યાત્રા કરી છે. તેથી સિદ્ધાચલ પ્રાચીન તીર્થ છે એમ સિદ્ધ થાય છે, અને શ્રી હેમચંદ્રાચાર્યની પૂર્વ **શત્રુંજયકલ્પ** વગેરે પ્રાચીન ગ્રન્થો હતા, એમ સિદ્ધ થાય છે.

**જ્ઞાતા** દશાંગ તથા **અંતગડ દશાંગસૂત્રમાં जावसत्तुंजये सिद्धा** ઈત્યાદિથી સિદ્ધાચલ તીર્થનાં પ્રમાણો છે. કેટલાક કહે છે કે **શંત્રુજય માહાત્મ્ય ગ્રંથ, આધુનિક ચૌદમા પંદરમા સૈકા પછીનો છે.**

તેમાં કેટલાક પ્રાશ્ચાત્ય વિદ્વાનોનું અનુકરણકરતા કહે છે કે, પંદરમા સૈકાના એક પુસ્તકના સુચિપત્રમાં **શત્રુંજય માહાત્મ્ય** ગ્રન્થની નોંધ નથી. અમો તે સંબંધી જણાવીએ છીએ કે તેમની એ નોંધમાં તો જૈનધર્મ ગ્રન્થો પૈકી ઘણા ગ્રંથો જોવામાં આવતા નથી તથા એક ભંડારની નોંધમાં જૈન ધર્મના સર્વ પુસ્તકો હોય છે, એવું નક્કી છે જ નહીં.

કલમ ખડિયા નામો કેટલીક વખત કેટલાક કોષકારો તે પોતાની પાસે હોવા છતાં ભૂલી જાય છે, તો તેવા ગ્રંથભંડારની સૂચિપત્ર કરતા પાસે વાંચવા પુસ્તક બહાર હોવાથી કદાપિ ગ્રંન્થભંડારની યાદીમાં દાખલ ન કર્યું હોય એમ કેમ ન બને ?

પંદરમી ચૌદમી સદીના સર્વ જૈન ગ્રન્થ ભંડારોની યાદીઓ જો મળી આવે અને સર્વ જૈનશાસ્ત્ર ભંડારમાંથી તેનું નામ પછી જો ન આવે ત્યારે તે પુસ્તક પાછળથી બન્યું એમ કહેવાય, તે વિના એક ગ્રન્થભંડારના અનુમાનથી શત્રુંજય



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

માહાત્મ્ય ગ્રન્થને આધુનિક કલ્પી દેવો, તે તો કપિલા ગૌં જેવું અવ્યાપ્તિ દૂષિત અનુમાન હોવાથી તે અસત્ય ઠરે છે.

પ્રશ્ન - પ્રભુ મહાવીરદેવ અને ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ, એ બે તીર્થંકરોને પાશ્ચાત્ય વિદ્વાનો કબૂલ કરે છે. બીજા બાવીસ તીર્થંકરને સુધારક પાશ્ચાત્ય વિદ્વાનો માનતા નથી. તેનું કેમ?

ઉત્તર - જૈનશાસ્ત્રોથી જૈન ચોવીસ તીર્થંકરો સિદ્ધ થાય છે. તેમાં અન્ય ધર્મીઓના શાસ્ત્રોના પ્રમાણની તથા તેઓની મિથ્યાકલ્પનાની જરૂર રહેતી નથી;

વેદશાસ્ત્રોથી બાઈબલ કુરાનના પયંગબરોની સિદ્ધિ થતી નથી, અને કુરાન કે બાઈબલથી વેદોની તથા જૈનશાસ્ત્રોની સિદ્ધિ થતી નથી.

બૌદ્ધશાસ્ત્રો, વેદ પુરાણશાસ્ત્ર અને જૈનશાસ્ત્રો જુદાં જુદાં છે; માટે ચોવીસ તીર્થંકરોની સિદ્ધિ માટે અન્ય ધર્મીના શાસ્ત્રોની કલ્પના ઉપર ન રહેતાં જૈનશાસ્ત્રો પ્રમાણે ચોવીશ તીર્થંકરો થયા છે એમ માનવું જોઈએ.

પ્રશ્ન - કેટલાક કહે છે કે, આજથી અઢી હજાર વર્ષ ઉપર પ્રભુ મહાવીર તીર્થંકરે જે અહિંસાદિક સત્યો કહ્યા તે જ સત્યોને મહાત્મા ગાંધીજી બીજા રૂપાંતરથી કહે છે. તે બરાબર છે કે કેમ?

ઉત્તર - સર્વજ્ઞ પરમાત્મા મહાવીર જે સત્યો કહ્યાં છે, તે હાલ જૈનશાસ્ત્રોમાં વિદ્યમાન છે. પ્રભુ મહાવીરદેવની પેઠે મહાત્મા ગાંધીજી કેવલજ્ઞાની નથી. પ્રભુ મહાવીરનાં સત્યો અને ગાંધીજીના સત્યોની વચ્ચે આકાશ પાતાળ જેટલો ફેર છે.

પ્રભુ મહાવીરદેવે પ્રકાશ્યું છે કે, જગતનો કર્તા ઈશ્વર નથી અને ગાંધીજી પોતે કહે છે કે, કે હું વૈષ્ણવ છું જગત્ ના કર્તા તરિકે ઈશ્વરને માનું છું.

પ્રભુ મહાવીરદેવ તો સર્વજ્ઞ હતા અને કેવલજ્ઞાનથી બોધ આપતા હતા, ગાંધીજી તો કેવલજ્ઞાની નથી, તેથી અઢી હજાર વર્ષ ઉપર થયેલ સર્વજ્ઞ વીતરાગ મહાવીરની પેઠે ગાંધીજીમાં સત્યો પ્રકાશવાની શક્તિ નથી.

પ્રભુ મહાવીરદેવ સર્વ સાવદ્યયોગનો ત્યાગ કર્યો હતો, અને બાર વર્ષ સુધી ધ્યાન ધરી કેવલજ્ઞાની થયા હતા, ગાંધીજી તો ત્યાગ માર્ગ કરતાં વિદેહી જનક જેવો ગૃહસ્થાશ્રમ સારો માની તેમાં રહેવાની રુચિ ધરાવે છે.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પ્રભુ મહાવીરદેવ તો સર્વ જીવોના સર્વ પરિણામોને સાક્ષાત જાણતા હતા. ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રનાં પુસ્તક વગેરે પુસ્તકો વાંચ્યાં હશે તેથી કંઈ (ગુરુગમ વિના) જૈનશાસ્ત્રોના જ્ઞાની કહી શકાય નહીં,

તેમને જૈનશાસ્ત્રોમાંની કેટલીક વાતો રુચે, તેથી કંઈ જૈન કહેવાય નહીં. તેમના નીતિના આચારો સારા હોય, તેમની પેઠે તો ખ્રિસ્તી મુસલમાનો પૈકી કેટલાકના સારા નીતિવાળા આચારો હોય, તેથી તે જૈનધર્મી ગણાય નહીં અને તેથી તેવા દયા, સત્યનીતિની પ્રવૃત્તિથી પ્રભુ મહાવીરની પેઠે સત્યના પ્રકાશક પણ તે કહેવાય નહીં.

**આપણે જૈનો, ગાંધીજી વગેરે સર્વ મનુષ્યો સાથે શુદ્ધ પ્રેમથી મૈત્રી રાખી શકીએ, પણ તેમના વિચારો છે તે પ્રભુ મહાવીરનાં સત્યો છે, એમ કદાપિ માની શકીએ નહીં.**

પ્રભુ મહાવીરદેવની પટ્ટપરંપરામાં આજ સુધી અનેક ત્યાગી વૈરાગી પંચ મહાવ્રતધારી અનેક ગુણી આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ અને સાધ્વીઓ થયા છે અને હાલ વિદ્યમાન છે, તેઓએ જ પ્રભુ મહાવીરદેવના સત્યોને પ્રકાશ્યાં છે અને હાલ પ્રકાશે છે તેમના અનુયાયી જૈનો જ પ્રભુ મહાવીરનાં સત્યોને જૈનશાસ્ત્ર અનુસારે પ્રકાશી શકે છે, તેથી રૂપાંતરે બીજાં સત્યો નથી. તેથી ગાંધીજી તે જ રૂપાંતરે પ્રકાશી શકે નહીં, અને પ્રભુ મહાવીરનાં સત્યોને જ જો તેઓ પ્રકાશે છે એમ માનો છો, તો તે સત્યોને આપણા સાધુઓ દરરોજ કહે છે, તેમાં ગાંધીજી વિશેષ કહી શકવાના નથી.

ગાંધીજી જો પ્રભુ મહાવીરદેવનાં સત્યોને જ પ્રકાશે તો જૈનશાસ્ત્રોથી ભિન્ન ન હોવા જોઈએ પણ તેઓની જે હીલચાલ પ્રવૃત્તિ છે. તેમાં કઈ શ્રાવક ધર્મની અથવા સાધુધર્મની પ્રવૃત્તિ જૈનશાસ્ત્રો પ્રમાણે ઉપદેશ વગેરે દેખાતો નથી. તેથી પ્રભુ મહાવીર પ્રભુની પેઠે રૂપાંતરે ગાંધીજીએ સત્ય તત્વો પ્રકાશ્યાં છે, એવું કહેવું તે સમજફેર છે.

જૈનોએ તો ગીતાર્થ ગુરૂ આચાર્યો અને સાધુઓને અને જૈનશાસ્ત્રોને અવલંબી ચાલવું જોઇએ, એમ ચાલવામાં જ જૈનોનું જૈન ધર્મરૂપ સ્વરાજ્ય જીવશે, અન્યથા તેઓ જૈનધર્મથી ભ્રષ્ટ થઇ મિથ્યાત્વી બની જશે એક વાર જો જૈનો ગીતાર્થ ગુરૂઓની શ્રદ્ધા ખોઇ બેઠાં તો તેઓ મિથ્યાત્વના કૂપમાં પડી જવાના.

પ્રભુ મહાવીરદેવની પટ્ટપરંપરાએ સર્વ સત્ય તત્ત્વો આજ દિન સુધી જૈનશાસ્ત્રના આધારે ચાલ્યાં આવે છે, તેથી આપણે સત્યોની પ્રાપ્તિ માટે અન્યો



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ઉપર વિશ્વાસ રાખવાની જરૂર નથી, અને ધર્મને માટે વૈષ્ણવ, ખ્રિસ્તી આદિ અન્ય ધર્મ નીતીવાળા ભક્તોની મહાત્માઓની સંગતિ કે શરણ કરવાની કિંચિત – અંશ માત્ર પણ જરૂર નથી.

જૈનો, જૈનશાસ્ત્રો પ્રમાણે વર્તે તો તેઓ સ્વતંત્ર મુકત બની શકે છે. દેશનાયકો અનેક થયા કરશે અને દેશની ભકિતનો રંગ વ્યાપક હોવાથી હિંદનો દેશનાયક નીતીવાળો હોય તો ચાર ખંડમાં વખણાય પ્રસિદ્ધ થાય, તેથી તે કંઇ જૈનધર્મની દષ્ટિએ જૈનત્યાગી સાધુઓની તુલનામાં આવી શકતો નથી. અને જૈન સાધુઓની અહિંસાને પણ પાળી શકતો નથી તો પછી તે સર્વજ્ઞ વીતરાગ તીર્થંકરની તુલનામાં તો આવે જ કયાંથી? એમ જૈનશાસ્ત્રોના આધારે જૈનો જાણે છે અને એવા દઢ નિશ્ચયથી પ્રવૃત્તિ કરે છે.

જૈનેતર દેશનેતાઓ પાસેથી આશા રાખનારાઓ ગાડરના બચ્ચાં જેવા ભોળાં છે. દયા અહિંસાદિ તત્ત્વોને સર્વજ્ઞ મહાવીરે જેવાં પ્રરૂપ્યાં છે, તે જૈનશાસ્ત્રોના પૂર્ણ અભ્યાસથી જાણી શકાય છે અને તે જાણ્યા પછી ગાંધીજી વગેરે દેશનેતાઓની અહિંસાની તુલના જો જૈનસાધુઓની સાથે કરવામાં આવે તો તેમાં ઘણો ફેરફાર જણાશે.

આપણે જૈનોએ દયા, અહિંસા માટે અન્ય ધર્મીઓનું શરણ લેવાની જરૂર રહેતી નથી.

**જૈનશાસ્ત્રોના આધારે મેં મારી માન્યતા જણાવી છે, તેથી કંઇ ગાંધીજી ઉપર દ્વેષભાવ નથી. ગાંધીજી તો શું પણ મારા શત્રુઓ બની જેઓ મારા ઘાત કરવા ઇચ્છે છે તેવાઓ ઉપર મને સદા ભાવ દયા, શુદ્ધ પ્રેમ પ્રવર્તે છે. તો ગાંધીજી આદિ દેશભકતો વગેરેની સાથે મારે મૈત્રીભાવ છે. એમ સત્ય જાહેર કરૂં છું.**

**પ્રશ્ન** - કેટલાક શકિંત જૈનો કહે છે કે પ્રભુ મહાવીરદેવે બ્રાહ્મણોની સત્તાના જૂલ્મથી કંટાળીને દીક્ષા લીધી હતી તેનું કેમ?

**ઉત્તર** - એવા શકિત જૈનો કપોલ કલ્પિત કાલપુરાણનાં ગપ્પાં ઉઠાવનાર છે, કારણ કે તે કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોની જૂઠા અનુમાનના તંરગો પર ડોલે છે. તેઓ કંઇ શાસ્ત્રનો પુરાવો આપી શકતા નથી.

પ્રભુએ તો આત્મધ્યાન ધરી કેવલજ્ઞાન પ્રગટાવવાને દીક્ષા લીધી હતી. બ્રાહ્મણો તો તે વખતની તેમની પ્રશંસા કરતા હતા અને પ્રભુ મહાવીર તીર્થંકર થઇ જગતનો ઉદ્ધાર કરવાના છે એમ જાણતા હતા. હાલના બ્રાહ્મણોને અને જૈનોને દેખી તે વખતના બ્રાહ્મણોનો જમાનો કલ્પી જૂઠા વિચારો દોડાવવા એ જૈનનું લક્ષણ નથી.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

**પ્રશ્ન**-મરીચિએ ત્રિદંડીનો વેષ ધારણ કર્યો;તેણે ઋષભદેવ પાસે સાધુઓ કરવાને મનુષ્યો મોકલ્યા. પણ જ્યારે તે માંદો પડયો. ત્યારે તેની કોઇ સાધુએ સેવા કરી નહીં અને શ્રાવકોએ પણ સેવા કરી નહીં તેથી મરીચિએ કપિલને દીક્ષા આપી. તેમાં શ્રી ઋષભદેવના સાધુઓએ અને શ્રાવકોએ મરીચિની સેવા નહીં કરી તેથી તેઓની અવિવેક્તા ગણાય કે નહીં ?

**ઉત્તર** - શ્રી ઋષભદેવ વીતરાગ સર્વજ્ઞ હતા, તેથી તે મરીચિની સેવા કરે નહીં. સાધુઓ પણ મરીચિથી ન્યારા રહેતા હતા અને વિહાર કરતા હતા તથા તે સાધુ - દીક્ષા સંયમી હતા અને મરીચિ સંયમથી પડી ગયા હતા.

મરીચિએ વર્ણશંકર વેષાચાર સ્થાપ્યો, તેથી સંઘને તે ગમ્યું નહીં, સાધુઓ વગેરે તેથી તેમની પાસે રહી સેવા કરી શકે નહીં તેમજ તેઓને દૂર રહેવાથી મરીચિની માંદગીની ખબર પણ ન હોય.

મરીચિએ સેવા કરાવવા માટે માંગણી ન કરી હોય, તથા મરીચિએ વનમાં રહેતા હતા અને તેમને આહાર પાણી લાવી આપવા તે તો સાધુ જેવાનું કાર્ય હોય છે, તેથી ગૃહસ્થ જૈનો આહાર વહોરાવી શકે પણ ભિક્ષા માગીને લાવી ન આપી શકે, તેથી શ્રાવકોનો અવિવેક ગણાય નહીં.

તે વખતના સાધુ અને શ્રાવકો ઋજુ - સરલ અને જડ હતા અને પ્રભુ મહાવીરના સાધુઓ વક્ર અને જડ હતા. તેથી ઋષભદેવના સાધુઓ જુદાં વેષધારીની ખબર ન લેવા જાય, તેમાં તેનું પતિતપણું જાણી લક્ષ્ય ન આપે, તો તેથી કંઇ સાધુઓનો દોષ નથી તેમજ પ્રભુના ઉપદેશની ખામી નથી, તેથી તેવી ચર્ચાનો કંઇ અર્થ જ નથી.

**પ્રશ્ન** - હાલમાં કેટલાક સુધારક નામધારી શંકિત જૈનો, સાધુઓની જાહેર તેમજ ખાનગીમાં ગુપ્ત નામે નિંદા છાપે છે, છપાવે છે, અને ધર્મશાસ્ત્રોમાં શંકા ઉઠાવે છે, તેનું શું કારણ છે ?

**ઉત્તર** - જૈનધર્મની બાબતમાં ધર્મગુરુઓ મુખ્ય હોય છે. ધર્મગુરુઓ જૂઠા સુધારા, વગેરે બાબતોમાં આડા આવે છે. નાસ્તિકોના નાસ્તિક વિચારોનું ખંડન કરે છે દારૂ, માંસ વાપરવાનો નિષેધ કરે છે ભંગીઓની સાથે ખાવાનું નહીં એમ ઉપદેશ આપે છે, તેથી વિરૂદ્ધ પ્રવત્તિવાળાઓ ધર્મગુરૂના દુશ્મનો બની જાય છે અને તેઓની ઉપર જુઠાં આળ ચઢાવે છે તેઓ જાણે છે, કે સાધુઓ કોર્ટમાં જવાના નથી.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સૃષ્ટિવિરૂદ્ધ કર્મ કરનારા વગેરે કહેવાથી તેઓ પર જનતાને શંકા પડે તથા એક બે શ્રાવકોની સાથે વાતો કરતા હતા, એમ કહીં આળ ચઢાવવાં કે જેથી તેઓ કોમમાં હલકા પડે અને સામા પડે નહીં તથા ડરી જાય અને આબરૂહીન થઈ જાય, આવી જાતની કેટલીક નિંદક ટોળીઓ ઉભી થઈ છે અને તે રશિયન બોલ્શેવિકો જેવી અંતરથી હિંસક છે અને બહારથી અહિંસાનો સિદ્ધાંત જણાવે છે. તેઓ નાતજાત ધર્મ વગેરેના માર્ગોનો નાશ કરવા ઇચ્છે છે. એવા કેટલાક નાસ્તિક જૈનો ઘણા વાચાળ અને કુતર્કી હોય છે, કે જેઓની આગળ ભોળા વિદ્વાન જૈનો હારી પણ જાય, તેથી તેઓના વિચારોનો વિશ્વાસ ન રાખવો.

જિનેશ્વર ભગવાનની પ્રતિમાને વસ્ત્રાભૂષણો સજાવવામાં જૈનશાસ્ત્રોમાં પાઠો છે. સાધુઓ, ધર્મગુરુઓ, ચંદરવા પૂંઠીયાંવાળી પાટ પર બેસી વ્યાખ્યાન વાંચે છે. તેમાં ચંદરવા પૂંઠીયાં વગેરેથી ગુરુની શોભા ભક્તિ કરવામાં તથા ગુરુ પ્રવેશ મહોત્સવ વગેરેમાં જેઓ વાંધા લેતા નથી, તેમ વીતરાગ દેવની પ્રતિમાની ભક્તિ કરવામાં વાંધો ન લેતાં પોતાના ત્યાગ વૈરાગ્ય ઉપર લક્ષ દેવું જોઈએ.

જૈન ધર્મ પ્રવર્તક સાધુ, સૂરિયો વગેરેના સામા પ્રતિપક્ષીઓ પડે અને જૈનશાસ્ત્રોમાં શંકા વડે વિરોધ કરે અને ગુરુઓની નિંદા કરે, તેથી કંઈ ધર્મરક્ષક ગુરુ ડરી જઈને બેસી જાય નહીં.

વિચાર ભેદે વૈરી દુશ્મનોએ ભલાભલાની નિંદા કરી છે; અરવિંદ ઘોષ વગેરે દેશ નાયકોની સામા પડેલાઓએ એવી ધૂળ ઉડાડી છે.

જૈન એડવોકેટમાં મહાત્મા ગાંધીજીની નિંદા બદબોઈ કરવામાં આવી છે, તેથી ગાંધીજીને કાંઈ હરકત નથી. પ્રતિપક્ષી - નિંદકોએ આજ સુધીના મહાપુરુષોની સામે ધૂળ ઉડાડી છે.

જૈનચાર્યો તથા સાધુઓના પ્રતિપક્ષી બનેલા નિંદકોએ આજ સુધી સૂરજ સામે ધૂળ ઉડાડવા જેવી ઘણી પ્રવૃત્તિ સેવી છે, પણ તેથી તેઓ દબાયા નથી અને તેઓએ પોતાનું કાર્ય કર્યું છે. પ્રતિપક્ષી વિરોધિઓ કદાચ ધર્મગુરુઓને મારી નાખવા સુધીનાં તર્કટો - ષડયંત્રો રચે અને તેથી ધર્મરક્ષકો મરી જતા પણ કંઈ સત્ય ધર્મ વિચારોનો ત્યાગ કરતા નથી.

અમોએ કોઈનું નામ દઈને પ્રત્યુત્તર લખ્યો નથી. ફક્ત ઉપર્યુક્ત વિચારોથી તેના પ્રતિપક્ષી વિચારોનો જવાબ આપ્યો છે. એમાંથી મધ્યસ્થ સત્ય ગ્રાહકો જો વિચાર કરશે, તો તેમાંથી તેઓને ઘણું લેવાનું મળશે.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

**ગાંધીજી, તિલક, દાસબાબુ વગેરે દેશનાયકોના દેશનાયકત્વ સામે અમારે વિરોધ નથી.** પંરતુ જેઓ જૈન ધર્મ અને તીર્થંકર વગેરે સંબંધી વિરુદ્ધ વિચારો જાહેર કરે, તેઓને તો ઉત્તર આપવો જોઇએ.

**જ્ઞાતપુત્ર** મહાવીરના અંગે ગાંધી ભકતે જે વિચારો છપાવ્યા હતા, તેમાં પ્રસંગે ગાંધીજી સંબંધી અમારા વિચારોને જૈનશાસ્ત્રાધારે જાહેર કર્યા, તેમાં ગાંધીજીના **અંગત ચરિત્ર સંબંધમાં અમે ઉતર્યા નથી.**

**અન્ય ધર્મી સર્વલોકોમાં હું ગાંધીજીને પ્રથમ નંબરના ઉત્તમ દેશભકત લૌકિક મહાત્મા તરીકે માનું છું. તે ખરા દેશભકત છે. પણ જૈનધર્મ દષ્ટિએ તે જૈન મહાત્મા નથી, એવો મારો અંગત વિચાર છે.**

ગાંધીજી વગેરે દેશનાયકો સાથે ગૃહસ્થ જૈનો, રાજકીય ચળવળમાં ભાગ લે તેમાં અમારો વાંધો નથી પણ તેની સાથે અમારા તીર્થંકરોની અને ગુરુઓની કક્ષામાં ગાંધીજીને મૂકીને જૈન સાધુ ગુરુઓ સામે પડનારા ગાંધી વગેરે દેશનાયકોના અન્ધ દષ્ટિરાગી નાસ્તિક શંકિત જૈનોને તેમની ચર્ચાનો જવાબ અને ભવિષ્યમાં તેઓ આ લેખનો ઉત્તર આપે તો તેની સામે જીવતાં સુધી જવાબ આપવા તૈયાર રહીશ.

જૈનોએ ધર્મપરિવર્તન મહાયુદ્ધના સંક્રાન્તિયુગમાં જૈનશાસ્ત્રોને ઉડાવનારાઓનો વિશ્વાસ ન કરવો અને તેઓના ઉત્સૂત્ર વિચાર સામે વિરોધ જાહેર કરવો જોઇએ. જૈનોએ શારીરિક ધાર્મિક કેળવણીનું શિક્ષણ લેવું અને જૈનચાર્યોના ઉપદેશાનુસારે વર્તવું. જૈનધર્મ માટે જૈનેતર ધર્મીઓ કે જે સામાન્ય અહિંસા દર્શાવતા હોય તેઓના ધર્મીભકત ન થવું.

હિંદુઓના જેવા કંઇક વિચારો સાથે મળતા બનીને આગાખાની મુસલમાનો, કરોડો રૂપિયા ખર્ચીને, હજારો ઉપદેશકો રાખીને હિંદુઓને આગાખાની મુસલમાનો બનાવે છે.

ખ્રીસ્તીઓએ પણ હિંદુઓને અને જૈનોને ખ્રીસ્તી કરવા અબજો રૂપૈયા ખરચી હજારો ઉપાયો કરી લાખો મનુષ્યોને ખ્રીસ્તી બનાવ્યા છે.

જૈનો ! તમે જાગો ! જૈનશાસનશત્રુઓથી બચી જાઓ ! ધર્મ માટે અર્પાઇ જાઓ ! સાધુઓના નાશની સાથે ગૃહસ્થ જૈનસંઘનો પણ નાશ થશે, માટે ધર્મગુરુઓની સેવાભકિત કરીને શાસ્ત્રોના જ્ઞાતાઓ બની જૈનધર્મનો વિશ્વમાં પ્રચાર કરવો જોઇએ.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

**પ્રશ્ન** - તમારો પોતાનો મહાત્મા ગાંધીજી માટે શો અભિપ્રાય છે અને મહાત્મા ગાંધીજી હિંદુ - મુસલમાનની એકતા કરે છે તથા ઢેઠ-ભંગીને સ્પર્શ્ય ગણે છે તથા રેંટીયા ખાદીની પ્રવૃત્તિ કરે છે. તેમાં તમારોજાતિ અભિપ્રાય શો છે ?

**ઉત્તર** - વ્યવહારથી જૈનધર્મની દૃષ્ટિએ તેમને હું જૈનગૃહસ્થવ જૈનસાધુ માનતો નથી પણ હિંદુ - દેશનાયકોમાં સર્વ પુરુષોમાં વિશેષ સત્યાગ્રહી, સરલ અને ગુણાનુરાગી અને મધ્યસ્થ અને મોક્ષમાર્ગાનુસારી કોટિના પુરુષોમાં યોગ્ય શ્રેષ્ઠ તરીકે છે એમ માનું છું.

હિંદુ-મુસલમાનની એકતા થાય અગર ન થાય તો પણ તેમની ભાવના અને પ્રવૃત્તિને તો સારી માનું છું. હિંદુ-સંન્યાસીઓ જેવા તે ત્યાગી નથી, પણ તે ત્યાગીના કેટલાક ગુણોથી યુક્ત છે. જૈનશાસ્ત્રોની દષ્ટિએ તે વ્યવહારથી જૈન અથવા ત્યાગી નથી

તેમનામાં ધર્મસહિષ્ણુતા ના ગુણ સારા પ્રમાણમાં ખીલ્યો છે અને તેથી તે સમ્યગદૃષ્ટિ ગુણસ્થાનને ભવિતવ્યતાના યોગે પામવાને લાયક છે, એમનામાં દાઝ સારી છે.

ઢેઢ-ભંગીને સ્પર્શ્ય માનવા એવી તેમની માન્યતાવાળો હું નથી પણ હું ઢેઢ-ભંગીઓ સ્પર્શ્ય થાય એવા ઉપાયો લેવાની તરફેણમાં છું. તેઓ કેળવણી પામશે અને દારૂ, માંસ વગેરેનો ત્યાગ કરશે, મલીનતા છોડશે, સાત્વિકાચાર વિચારમાં આરૂડ થશે, તો હળવે હળવે તેઓ સ્પર્શ્ય થઈ શકશે.

તેમની રેંટીયા, ખાદીની પ્રવૃત્તિ, અહિંસાની દૃષ્ટિએ ઉપયોગી છે, પણ તે મરજીયાત થવી જોઇએ; વૈષ્ણવભકત મહાત્મા ગાંધીમાં જે જે ગુણો અમનેજણાય છે, તેની અમો અનુમોદના કરીએ છીએ

તે પોતાને તીર્થંકર તથા પ્રભુ અવતાર કહેનારા તેમના અંન્ધ ભકતોને વખોડી કાઢે છે અને તેઓને જુઠા કહે છે, એવી તેમની માન્યતા છે.તે સાચી છે અને એમના કહેવા પ્રમાણે અમો તેમના સંબંધી એવા ઉપર્યુક્ત વિચાર માનીએ છીએ.

તેઓ હિંદુ-મુસલમાનોને જે એકતા, સંપ પ્રેમનો પાઠ શીખવે છે તે સારો છે. બાકી જૈનશાસ્ત્રોના આધારે અમો ગાંધીજીને વેષ્ણવભકત તરીકે માનીએ છીએ. અને જૈનશાસ્ત્રના આધારે જૈનોએ પણ એમ માનવું જોઇએ.

**ईत्येवं ॐ अंर्ह महावीर शान्ति ३**

વિ. સં. ૧૯૮૦ શ્રાવણ સુદિ પંચમી **બુદ્ધિસાગર મુ. પેથાપુર**



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

જૈનાચાર્ય શ્રીબુદ્ધિસાગરસૂરિકૃત

# સ્નાત્રપૂજા તથા મંગલપૂજા

## સ્નાત્રવિધિ

પ્રથમ દૂધ, દહીં, ઘી, કેશર, ફૂલ, અને જલનું પંચામૃત કરી બે કળશ એક પાટલી ઉપર ચોખાના બે સ્વસ્તિક કરીને તે ઉપર મૂકવા, કળશને મોઢે નડાછડી બાંધવી.

એક ત્રણ બાજોઠનું સિંહાસન કરી તે ઉપર પ્રભુની પધરામણીનું સિહાસન મૂકી તેમાં એક રકાબીમાં કેશરના બે સ્વસ્તિક કરી ત્રણ નવકાર ગણી એક ધાતુની પંચતીર્થ - પ્રતિમાજી તથા એક સિદ્ધચક્રજીની પ્રતિમાજી પધરાવવાં.

પ્રતિમાજીનું મુખ ઉત્તર અથવા પૂર્વ તરફ રાખી પધરાવવાં. પ્રતિમાજી નીચે એક પૈસો મુકવો. સિંહાસનના વચલા બાજોઠ ઉપર ચોખાનો એક સ્વસ્તિક કરી એક ફળ મૂકવું. પ્રતિમાજી પધરાવવા સિંહાસનના એક છેડે નાડાછડી બાંધવી. એક રકાબીમાં થોડાં છૂટાં ફૂલ તથા કેશરવાળા ચોખા કરી રાખવા અને ચામર, દર્પણ, પંખો, ઘંટ, વગેરે સામાન સિંહાસન પાસે રાખવો.

જયાં વસ્ત્ર ચડાવવાનાં આવે, ત્યાં નાડાછડીનો કકડો મૂકવો. ફૂલની અછત હોય ત્યાં કેશરવાળા ચોખાનો ઉપયોગ કરવો.

સ્નાત્ર ભણાવવાવાળો માણસ હાથમાં ફૂલ લઈને ઊભો રહે અને વિધિ ભણાવનાર માણસ વિધિ શરૂ કરેકુસુમાંજલિ બોલી ફૂલ ચઢાવવું. વિધિ ભણાવનાર માણસ વિધિ શરૂ કરે કુસુમાંજલી ચઢાવવાનું કહે. ત્યારે ભગવાનને કુસુમાંજલિ ચઢાવવી. સાત વખત કુસુમાંજલિ ચઢાવી રહ્યા પછી સ્નાત્રીઓ હાથ જોડીને ઊભો રહે અને વિધિ ભણાવનાર વિધિ બોલ્યે જાય. જયારે 'પન્નરક્ષેત્રે અતિકાળમાં' એ દુહો પુરો થાય, ત્યારે સ્નાત્રિયો ત્રણ ખમાસમણ દઈ ચૈત્યવંદનની વિધિ પ્રમાણે ચૈત્યવંદન કરે ને જયવીરાયનો પાઠ કરી હાથમાં કળશ લઈને ઊભો રહે ને વિધિ ભણાવનાર જયારે સૌધર્મેન્દ્ર પંચ રૂપ કરી એ પદ પુરૂ બોલી રહે ત્યારે જળનો પ્રભુને અભિષેક કરે પછી તે ઢાળ પુરો થયા પછી ભગવાનને સિંહાસનમાંથી બહાર લઈ ચોખ્ખા પાણીથી ન્હવણ કરાવી અંગ લુહાણાં ત્રણ કરી, ચંદન પૂજા કરે. પછી આરતિ મંગલ દીવો કરવો.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

આ વિધિ સામાન્ય પ્રકારે લખી છે. પંરતુ જ્યાં નાડાછડી લખી છે ત્યાં ઉત્તમ વસ્ત્રનો ઉપયોગ કરે અથવા ઉત્તમમાં ઉત્તમ દ્રવ્યનો ઉપયોગ શકિત પ્રમાણે કરે તો તે ઉત્તમ છે.

* * * *

જૈનાચાર્ય શ્રીબુદ્ધિસાગરસૂરિકૃત

# સ્નાત્રપૂજા પ્રારંભ

## દુહા

સર્વાતિશય શોભતાં, પ્રભુ મહાવીર જિનેશ;
શાસન નાયક જગપતિ, પ્રણમું હું વિશ્વેશ.
પ્રભુ સ્નાત્રની ભાવના, કરતાં શાન્તિ થાય;
રોગ શોક દૂરે ટલે, સ્નાત્રપૂજા મહિમાય. ॥ ૨॥

કુસુમાંજિલિ ઢાળ

# શ્રી ઋષભદેવ પૂજા

આઠજાતિ કલશે ન્હવરાવે, ઈંદ્રો મનમાં આનંદ પાવે,
પ્રભુ પૂજા સમશકિત પ્રગટાવે, પ્રભુ જાણી પ્રભુને દિલ લાવે
કુસુમાંજલિંથી ઋષભ પુજીજે, ગ્રહી પ્રભુ ગુણમન રીજીજે ॥૧॥

(ફુલ ચઢાવવું)

# શ્રી શાન્તિજિન પૂજા

## દુહો

ક્ષાયિક નવલબ્ધિ પ્રભુ, શાન્તિનાથ જગદેવ;
દ્રવ્યભાવથી શાન્તિને,પામો કરીને સેવ ॥૧॥



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ઢાળ

સહજાનન્દસ્વભાવે શાન્તિ, કેવલજ્ઞાનની શોભે કાન્તિ;
ટાળે સર્વજીવોની ભ્રાન્તિ,આપે તન્મય થતાં ક્ષાન્તિ;
ચોસઠ ઈન્દ્રો સારે સેવા , પૂંજુ પ્રણમું શાન્તિદેવા ॥૨॥

(ફુલ ચઢાવવું)

## શ્રી નેમીનાથ પૂજા

### દુહો

કેવલજ્ઞાનમાં ભાસતું,અણુસમ વિશ્વ સદાય;
તે નેમિ પ્રભુ પૂજીએ, ભાવબ્રહ્મ પ્રગટાય. ॥૧॥

ઢાળ

બાલ્ય થકી જે બ્રહ્મવ્રતધારી,અનન્ત શકિતમય અવતારી,
કેવલજ્ઞાનથી જગહિતકારી, મોહશત્રુ હણી એ મોહારિ,
નેમિજિનેશ્વરને પૂજીજે, પ્રભુસ્વરૂપે થઇ પ્રભુ પ્રણમીજે. ॥૨॥

(ફુલ ચઢાવવું)

## શ્રી પાર્શ્વનાથ પૂજા

### દુહો

પાર્શ્વ પ્રભુ પ્રણમુ  સદા, ત્રેવીસમાં જિનરાજ;
વન્દે પૂજે ભાવથી, સિદ્ધે વાંછિત કાજ. ॥૧॥

ઢાળ

પાર્શ્વપ્રભુ જગમાં જયકારી, પરબ્રહ્મ જગને સુભકારી,
ચોત્રિશ અતિશયથી અવતારી, પાંત્રિશ વાણી ગુણના ધારી,



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પાર્શ્વ પૂજી જે ધ્યાનેરહી જે; આત્મિક ગુણ પ્રગટાવી લીજે,
કુસુમાંજલિએ પૂજા કીજે; પ્રભુસ્વરૂપ થવા દીલ કીજે. ॥૨॥

(ફુલ ચઢાવવું)

# શ્રી વીરપ્રભુ પૂજા

## દુહો

શાસનનાયક જગધણી, પરબ્રહ્મ મહાવીર;
સર્વ દેવના દેવ જે,સર્વે ધીરમાં ધીર. ॥૧॥

## ઢાળ

પ્રભુ મહાદેવ સમરી જે,આ વિર્ભાવે આતમ કીજે,
વીર બની મહાવીરને ભજીએ, કાયરતા દુર્ગુણને તજીએ,
પ્રભુચરણે કુસુમાંજલિ ધરીએ , ધીરતા વીરતા વેગ વેરીએ;
દે હાધ્યાસ તજી વીર થાવું , તે માટે વીર ગાવું ધ્યાવું . ॥૨॥

(ફુલ ચઢાવવું)

# ॥ અથ સર્વ જિનપૂજા ॥

## ઢાળ

સકલ જિનેશ્વર પ્રેમેપૂજો, અશુભ કર્મથી ભવિજન ધ્રૂજો;
કુસુમાંજલિ જિનચરણે ધરીએ, સહજ સ્વભાવે શિવપુરી વરીએ.
કુસુમાંજલિ પૂજો સર્વ જિણંદા, તુજ ચરણકમલ સેવે ચોસઠ ઈંદા

(ફુલ ચઢાવવું)

* * * * *



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ઈતિ ચોવીસ જિનપૂજા

# ॥ સર્વ જિન પૂજા ॥

ઢાળ

પન્નરક્ષેત્રે અતિતકાલમાં, વર્તમાનમાં વર્તેજી,
ભાવિકાલ થાશે જે જિન; વીતરાગ ગુણ શર્તેજી,
એકસો ને સિત્તેર તીર્થંકર, ઉત્કૃષ્ટા જે કાલેજી,
પૂજુ, વાંદુ ગાવું ધ્યાવું, આતમ જે અજવાલેજી ॥૧॥

જન્મોત્સવ કલ્યાણક ઉજવે; ઈન્દ્રાદિક બહુ ભાવેજી
જન્મકાલે તીર્થંકર સહુને,મેરૂપર લેઈ જાવેજી,
સર્વ જાતિકલશા અભિષેકે, પ્રેમે પ્રભુ ન્હવરાવેજી;
એવા અરિહંત ત્રણકાલના , પૂજીજે એક ભાવેજી ॥૨॥

(ફુલ ચઢાવવું)

પછી સ્નાત્રીઓ ખમાસમણ દઈ જગચિંતામણિ ચૈત્યવંદન નમુથ્થુણં કહી જયવીયરાય પર્યત કહેવું, પછી હાથ ધુપી મુખકોશ બાંધી કળશ લઈ ઊભા રહીને કળશ કહે,

(આતમ ભકિત મલ્યા કોઈ દેવા. એ રાગ)

ત્રીજે ભવ તીર્થંકર કર્મને,બાંધ્યુ વીરે ભાવે
દ્રવ્યભાવ વિસસ્થાનકતપથી, પ્રશસ્યરાગના દાવે,
સર્વજીવોને ધર્મી બનાવું ,સર્વ વિશ્વ ઉદ્ધરૂં,
રહે ન જગમાં કોઈ દુઃખી, સર્વ જીવોનેતારૂં. ॥૧॥

શુભ ઉત્કૃષ્ટા હર્ષોલ્લાસે,જિનવર નામને બાંધે,
અનન્ત પુન્ય ગ્રહીને પ્રભુજી, સકલ જીવ હિત સાધે,
માનવ આયુઃ પૂર્ણ કરીને, દશમા સ્વર્ગમાં જાવે,
પુષ્પોત્તર વૈમાનિક સુરવર,સ્વર્ગતણાં સુખ પાવે. ॥૨॥



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ત્યાંથી ચવીને દક્ષિણ ભરતે,ક્ષત્રિય કુંડપુર માંહે,
ત્રિશલારાણી કુખમાં આવ્યા, જ્ઞાતકુલે ઉત્સાહે,
ત્રિશલા માતા સ્વપ્નો દેખી, આનંદ અતિશય પાવે,
ભારતને ઉદ્ધારવા પ્રગટયા, પ્રભુજી શકિત પ્રભાવે, ॥૩॥

હાથી વૃષભને કેશરી સિંહ, લક્ષ્મી પુષ્પની માલા,
ચંદ્રરવિધ્વજ કલશ મનોહર, સરોવર પૂર્ણ વિમાન,
સાગર રત્નની રાશિ અગ્નિ-નિર્ધુમ ચૌદ નિહાલે,
ચૌદે સ્વપ્નો અર્થ સુણીને , આનંદજીવન ગાલે. ॥૪॥

સિદ્ધારથરાજાના હુકમે, જોષીઓ ત્યાં આવ્યા;
પુર બાહર સુરમ્ય સભામાં, અર્થ વિચારે ફાવ્યા;
જયોતિષિઓ ભેગા થઈને, બોલે સાચી વાણી;
તીર્થંકર વા ચક્રવર્તી તુજ, પુત્ર થશે ગુણવખાણી ॥૫॥

રાજા રાણી અતિ હરખાયાં, જયોતિષી સંતોષ્યા;
દાનાદિકંથી ધર્મલોકો, યાચક સંતોષ્યા;
ભારતમાં સહું ઘરઘર લોકો, જાણી આનંદ પાયા;
ત્રિશલા માતા ગર્ભને પોષે, ધરે નિરોગી કાયા ॥૬॥

ચૈત્રશુદિ તેરશના દિવસે, મધ્યરાત્રી થઈ જતાં;
સર્વદિશાઓ ઉજ્વલશાન્તિ, આનંદવાલી સુહાતાં;
નવમહિનાને સાડાસાત જ, દિવસ પુરા થાતાં;
ત્રિશલામાતાએ પ્રભુ જનમ્યા, ત્રિલોકે થઈ શાતા ॥૭॥

ભારતદેશે ઘરઘર મંગલ, ઘરઘર હર્ષ વધાઈ;
સિદ્ધારથરાજા મન આનંદ, પ્રગટયો વિશ્વ ન માય ॥૮॥

શુભ લગ્ને જનમ્યા પ્રભુ, ત્રણભુવન ઉદ્યોત;
નારકી પણ આનન્દીઆ, જેની અનંત જયોત ॥૯॥



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

છપ્પનદિક્કુમારી તીહાં આવે, પ્રભુ જન્મોત્સવ હેતે;
પ્રભુ માતાને પ્રણમે પ્રેમે,સૂતિકર્મ સંકેતે;
આઠદિક્કુમારી વાયુથી, કચરા કરતી દૂરે;
આઠ કુમારી ગંધોદકથી, સુગંધિ જલને પૂરે. ॥૧॥

આઠ કુમારી કલશા ધારે, દર્પણ આઠે ધારે;
આઠ કુમારી ચામર વિંજે, ભાવ ભકિત અનુસારે;
આઠ કુમારી પંખાકરતી, રક્ષા કરતી ચારે;
ચાર દીપકને ધારે પ્રેમે, નિજ આતમનેતારે. ॥૨॥

કદલીનાં ઘર કરી મનોહર, બાલ પ્રભુને લાવે;
પવિત્ર કર્મને કરવા માટે, જલ કલશે ન્હવરાવે;
જલપુષ્પે આભરણે પૂજી, પ્રભુ શરીર શણગારે; ॥૩॥

પ્રભુના કરમાં રાખડી બાંધી, (વધાવી નાડાછડી મૂકવી)
જય જય શબ્દોચ્ચારે.

માતા પાસે પ્રભુને મુકી, નિજનિજ સ્થાનક જાવે;
ઈન્દ્રાસન તે વખતેકંપે, મહાપૂન્ય સદ્ભાવે;
અવધિ જ્ઞાને ઈન્દ્રે જાણ્યો,પ્રભુજન્મ સુખકારી;
સુઘોષા આદિ ઘંટાઓ, વગડાવે જયકારી. ॥૪॥

પાલક નામ વિમાનમાં બેસી; ઈન્દ્ર બહુ પરિવારે,
અન્ય વિમાનને વાહને બેસી, નિજ ઋદ્ધિ અનુસારે;
અન્ય સુરોને દેવીઓ આવે, પ્રભુને દેખી વંદે;
પ્રભુ અને પ્રભુ માત વધાવી, ઈન્દ્ર વંદે ગુણ છંદે ॥૫॥

(ફુલ તથા કેસરવાળા ચોખાથી વધાવવા)
જય જય શબ્દો બોલે, ત્યારો બાલક જગતીર્થંકર
કો નહિ તેના તોલે, પ્રતિબિંબ માતાની પાસે,
મુકી પ્રભુ કર લીધા, પંચરૂપ ઈન્દ્ર નિજ કીંધા,
ભાવેકારજ સિદ્ધયાં ॥૬॥



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

મેરૂ ઉપર પાંડુક વનમાં, શિલા સિંહાસન ઠાવે;
સૌધર્મેન્દ્ર ખોળા માંહી, પ્રભુ ધર્યા શુભ ભાવે;
ચોસઠ ઈન્દ્રો ભાવ ધરીને, આવ્યા ત્યાં ઉલ્લાસે;
નિજનિજ શકિત ઋદ્ધિભાવે, ઈન્દ્રો પૂર્ણ વિકાસે ॥૭॥

અચ્યુતેંદ્ર ઔષધિ તીર્થની-, માટી જલ મંગાવ્યાં;
આઠજાતિના કલશ ભરીને, ઈન્દ્રોએ ન્હવરાવ્યા;
ફુલ ચંગેરી થાલ રકેબી, ઉપકરણો બહુ જાતિ;
પ્રભુની ભકિત કરતાં વિવિધ, નિર્મલ કરતા છાતિ. ॥૮॥

ભુવનપતિને વ્યંતર જયોતિષી,વેમાનિક બહુદેવા;
અચ્યુતપતિની આજ્ઞા પામી, કરતા બહુવિધ સેવા;
એકક્રોડ ને સાઠ લાખ સહુ, કલશાનો અભિષેક;
અઢીસે અભિષેક સહુ મલી, સુર નહિ ચુકે વિવેક ॥૯॥

(થોડો જલ અભિષેક કરવો)

ઈશાન ઈન્દ્રે કરમાં લીધા, પ્રભુને ભક્તિ કીધી,
સૌધર્મેન્દ્રે પંચરૂપ કરી, ભક્તિ કરી પ્રસિદ્ધિ;

(સંપૂર્ણ જલનો અભિષેક કરવો)

પુષ્પાદિકથી પ્રભુ વધાવ્યા, આનંદના કલ્લોલે;
મંગલદીવો આરતી કરીને, સુરવર જય જય બોલે ॥૧૦॥

અનેક વાજીંત્રો ને વજાવે, અનેક નાચોનાચે,
પ્રભુનો જન્મોત્સવ કરીને, સર્વ સુરાસુર રાચે,
કરમાં ધારણ કરીને પ્રભુને, ત્રિશલા માતા પાસે;
ઈન્દ્રાદિક આવીને બોલે, પૂરણ હર્ષોલ્લાસે ॥૧૧॥

પુત્ર તમારો પ્રભુ અમારો, સર્વ વિશ્વ આધાર,
તુજ કુખે પ્રભુ જન્મ્યા માટે, વિશ્વમાત નિર્ધાર;



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પંચ ધાવ સોંપી પ્રભુક્રીડા, કરવા માટે બેશ;
બત્રીસ કોટિ રત્નાદિક, વૃષ્ટિ કરે હરે કલેશ ॥૧૨॥

(ફુલ કેસરવાળા ચોખા, નાડાછડી વિગેરે પ્રભુ સન્મુખ ઉછાળવું)

ઈન્દ્રાદિક પ્રભુ વાંદી પૂજી, નન્દીશ્વરમાં જાવે;
અષ્ટાહીકા મહોત્સવ કરીને, આનંદ મંગલ પાવે;
નિજનિજ કલ્પ સધાવે સુરવર, દીક્ષોત્સવ અભિલાષે;
કેવલજ્ઞાન મહોત્સવ ઈચ્છા , રાખી હર્ષ વિકાસે ॥૧૩॥

પ્રભુ જન્મોત્સવ ભારત દેશે, ભકતે કીધોભાવે;
ઘર ઘર આનંદ મંગલ વર્તો, સ્નાત્ર મહોત્સવ દાવે;
સકલ સંઘમાં શાંતિ વર્તો, ઈતિ ઉપદ્રવ શમો;
સ્નાત્ર મહોત્સવ સુણનારાને,ગાનારા સુખ પામો ॥૧૪॥

પરબ્રહ્મ મહાવીર પ્રતાપે, રોગ ટળે સહુ ભાતિ;
દુષ્ટ દેવના ટળો ઉપદ્રવ, વહેમ ટળો બહુજાતિ;
ગામ નગર પુરદેશમાં શાંતિ, વર્તો પ્રભુ પ્રતાપે;
આધિ વ્યાધિ સંકટ ટળતાં, પ્રભુ મહાવીર જાપે ॥૧૫॥

સર્વ જગતમાં શાંતિ વર્તો, ધર્મી બનો નરનારી,
દોષો ક્ષય પામો ભક્તિથી, જનો બનો ઉપકારી;
ઝગડા યુદ્ધો ઉપશમ થાઓ, વૃષ્ટિ થશો મન માની;
પુણ્યકર્મ વધશો જગમાંહી, વધશો શકિત મઝાની ॥૧૬॥

તપગચ્છ હીરવિજયસુરિ જગગુરૂ, પટ્ટપરંપરાધારી,
પૂજ્યગુરૂ રવિસાગર પ્રગટયા, સર્વોપમ જયકારી;
શાંતિદાયક સુખસાગર ગુરૂ, ઘર ઘર મંગલકારી;
બુદ્ધિસાગરસૂરિ આશી, શાંતિ લહો નરનારી ॥૧૭॥

(ફુલ તથા કેસરવાળા ચોખાથી પ્રભુને વધાવવા)



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પછી સિંહાસનમાંથી પ્રભુજી તથા સિદ્ધચક્રજીને લઇ, ચોખ્ખા પાણીથી પખાલ કરી, ત્રણ અંગ લુછણા કરી, કેશર (ચંદન)થી પૂજા કરી, ફુલ ચઢાવવાં અને સિંહાસન મધ્યેની રકાબીમાંથી પાણી કાઢી નાખી, ધોઇ, સાફ કરી, કેશરના સ્વસ્તિક કરી પ્રભુને પધરાવવા. આરતી મંગલદીવો પ્રગટાવી બંનેને નાડાછડી બાંધી એક રકાબીમાં મુકી, કંકુના છાંટા નાખી ચોખાથી વધાવવા. રકાબીમાં સોપારી તથા સાત મીઠાની કાંકરી લઇ એક મીઠાની કાંકરી અને એક માટીની કાંકરી, એ રીતે દરેક ઢગલીમાં મૂકી સાત ઢગલીઓ કરવી. પછી બીજી તરફ જળની કુંડી રાખવી. સ્નાત્રિયોને ઊભા પગે બેસાડી ડાબા હાથ ઉપર જમણો હાથ રખાવી વિધિ ભણાવનાર માણસ સ્નાત્રિયોના હાથમાં દરેક વખતે એક મીઠાની અને એક માટીની કાંકરી આપી તે સાથે હથેળીમાં ચોખ્ખા પાણીના કળશમાંથી થોડું પાણી આપે અને આરતી મંગળ દીવાની રકાબી ફરતું લુણ ઉતરાવે૦ તેની વિગત.૦

લુણ ઉતારો જિનવર અંગે, નિર્મલ જલધારા મનરંગે લુણ૦ ॥૧॥ જિમ જિમ તડતડ લુણ જ ફુટે તિમતિમ અશુભ કર્મ બંધ ત્રુટે૦ લુણ૦ ॥૨॥ નયન સલુણાં શ્રી જિનજીનાં; અનુપમ રૂપ દયારસ ભીનાં૦ લુણ૦ ॥૩॥ રૂપ સલુણ, જિનજીનું દીસે; લાજ્યું લુણ તે જલમાં પેસેલુણ૦ ॥૪॥ ત્રણ પ્રદક્ષિણા દઈ જલધારા, જલ નીખવીએ લુણ ઉદારા૦ લુણ ॥૫॥ જે જિન ઊપર દુમણો પ્રાણી, એમ થાજો લુણ જયું પાણી. લુણ૦ ॥૬॥ અગર કૃષ્ણા ગુરુ કુંદરૂ સુંગંધે, ધુપ કરીજે વિવિધ પ્રબંધે. લુણ૦ ॥૭॥ એમ સાત વખત લુણ ઉતરાવવું, પછી આરતી ઉતારવી.

## આરતી

**જય જય વીર જિનેશ્વર દેવા,**
**સુરનરઈંદ્ર લહે સેવા મેવા;**
**બારગુણે ગુણવંતા પ્યારા,**
**ત્રણ ભુવનના છો આધારા** જય જય ૦॥૧॥

**ચોત્રીશ અતિશય ગુણધારી;**
**પાંત્રીશવાણી ગુણે જયકારી.** જય જય૦॥૨॥

**ત્રિશલાનંદન શિવસુખકારી**
**સિદ્ધારથકુલ શોભાકારી.** જય જય૦ ॥૩॥



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

દ્રવ્ય ભાવથી આરતી કરીએ,
મંગલમાલા સહેજે વરીએ. જય જય૦ ॥૪॥

બુદ્ધિસાગર પ્રભુ ગુણ લેવા,
સંઘ ચતુર્વિધ કરે નિત્ય સેવા. જય જય૦ ॥૫॥

પછી પ્રભુજીની પડખે જઈને અથવા પ્રભુજી અને સ્નાત્રીઓ વચ્ચે અંતર પડદો રાખી સ્નાત્રીઓના જમણા અંગુઠા ઉપર કંકુનો ચાંદલો કરાવવો. પછી મંગલદીવો ઉતારવો. મંગલદીવો ઉતારતાં કપુર લાવેલા હોય તે સળગાવી રકાબીમાં મૂકી મંગલદીવો ઉતારવો.

## મંગલ દીવો

મંગલદીવો મંગલકારી, કરીએ જિન આગલ જયકારી;
અરિહંત મંગલ પહેલું જાણો, બીજું સિધ્ધ મંગલ મન આણો

મંગલ૦॥૧॥

સાધુ મંગલ ત્રીજું લહીએ,
સદ્‌ગુણ પામી શિવપુરી વહીએ. મંગલ૦ ॥૨॥

ધર્મ મંગલચોથું સુખકારી,
ચાર મંગલની છે બલિહારી. મંગલ૦ ॥૩॥

ભાવમંગલ હેતે ચિત્તધારી,
મંગલદીપ કરે નરનારી. મંગલ૦ ॥૪॥

બુદ્ધિસાગર આનંદકારી,
સંઘ ચતુર્વિધ શોભાકારી. મંગલ૦ ॥૫॥

સ્નાત્ર પૂજા સમાપ્ત



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# સર્વ શુભકાર્યારંભમાં મંગલ પૂજા

## દુહા

પરમપ્રભુ પરમાત્મા, મહાવીર જિનવર્ધમાન;
પરબ્રહ્મ મંગલકારી, પ્રણમું શક્તિ નિધાન. ૧

અસંખ્ય સુરાસુર દેવીઓ, યોગીની બાવનવીર;
એ સહુ દાસ બની નમે, જય જય પ્રભુ મહાવીર. ૨

વિશ્વેશ્વર મહાવીર જિન, નામથી મંગલ થાય;
મંગલની પૂજા રચું, ભકતો મંગલ થાય. ૩

દેવગુરુ ને ધર્મની, શ્રધ્ધાવંત નર, નાર;
મંગલ પૂજા ભણી સુણી,મંગલ લે નિર્ધાર. ૪

સકલ કાર્ય પ્રારંભમાં, મંગલ પૂજા બેશ;
કરતાં કરાવતાં ગાવતાં, સુણતાં નાસે કલેશ. ૫

## ઢાળ પહેલી

મંગલ કરશો રે, ચોવીશ જિન જયકારી,
વિઘ્નો નિવારો રે, નામસ્મરણ અઘહારી;
ઋષભ અજિત સં ભવ અભિનન્દન,
સુમતિપ્રભુ સુખકારી,પદ્મપ્રભ;
સુપાર્શ્વ જિનેશ્વર ચન્દ્રપ્રભુ હિતકારી મંગલ૦ ૧

સુવિધિ શીતલ શ્રેયાંસ જિણંદા, વાસુપૂજય વસુકારી;
વિમલ અનંત ધર્મને શાન્તિ, કુન્થુ, અર અઘહારી મંગલ૦ ૨

મલ્લિજિનમુનિ સુવ્રત નમિ વિભુ,નેમિ પાર્શ્વશુભકારી,
વર્ધમાન મહાવીર મંગલકર, મંગલ કરો નિર્ધારી, મંગલ૦ ૩



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

અતીત અનાગત તીર્થંકર સહુ, પાપોદય સંહારા;
ગણધર ચૌદસે બાવન સમરું, મંગલ દ્યો નિર્ધારા, મંગલ૦ ૪

ગૌતમ ગણધર મંગલ કરશે, નામ છે મંગલકારી;
બુદ્ધિસાગર સુરિવાચકમુનિ, ભક્તિ મંગલકારી મંગલ૦ ૫

## ઢાલ બીજી

(સિદ્ધચક્રવર સેવા કીજે. એ રાગ)

અરિહંત ચોવીસ પ્રભુના ભક્તો, ચોસઠ ઈન્દ્રો વિવેકીજી,
અરિહંત ભક્તિના પ્રેર્યા મંગલ , કરશો નિશ્ચય ટેકી,
મંગલ કરશોજી સંકટને ઉપસર્ગ ; વિઘ્નોહરશોજી મંગળ૦ ૧

નવગ્રહોને દશદિક્પાલો, પ્રભુભક્તે અહીં આવોજી;
સાધર્મિક તમે પ્રભુના ભક્તો , મંગલકારી થાવો મંગળ૦ ૨

લોકપાલ તમે ઉપયોગ દેઈ, ઉપસર્ગોને નિવારોજી;
ધર્મીજનોને કરવી સહાયો, એ અધિકાર તમારો મંગળ૦ ૩

શાંતિ જિનેશ્વર શાંતિ કરશો, સર્વ અશાંતિ હરશોજી;
સંઘ ચતુર્વિધ મંગલમાલા , મંગલ શાંતિ કરશો. મંગલ૦ ૪

દેવી સરસ્વતી લક્ષ્મી દેવી, વિદ્યાલક્ષ્મી આપોજી;
'વિપ્પોસહિપત્તાણં' મંત્રે, ઘર ઘર મંગલ વ્યાપો. મંગલ૦ ૫

'ખેલો સહિપત્તાણં' મંત્રે, -ભક્તો શાંતિ પાવેજી;
સૂરિ મંત્રના વાસક્ષેપે, ઋદ્ધિ સિધ્ધિ સુહાવે; મંગલ૦ ૬

રોહિણી પ્રજ્ઞપ્તિ વજ્રશ્રૃંખલા વકુજંશી શુભકારીજી;
ચક્રેશ્વરી નરદત્તા કાલી , મહાકાલી સુખકારી. મંગલ૦ ૭

ગૌરી ગાંધારી મહાજ્વાલા, માનવી ને વૈરુટ્ટાજી;
અચ્છુપ્તા માનસિકાદેવી, મહામાનસિકાયુક્તા; મંગલ૦ ૮



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ગૌમુખ મહાયક્ષ ત્રિમુખ ઈશ્વર, તંબરું કુસુમ માતંગાજી;
વિજયાજિત બ્રહ્મા મનુજ જ સુર, ષણ્મુખ પાતાલ ચંગા. મંગલ૦ ૯

કિન્નર ગરુડ ગંધર્વ યક્ષેન્દ્ર, કુબેર વરુણ ભ્રકુટીજી;
ગોમેધ પાર્શ્વ માતંગ એ યક્ષો-, શાંતિ સમર્પો સ્ફુર્તિ. મંગલ૦૧૦

ચક્રેશ્વરી અજિતા દુરિતારી, કાલી ને મહાકાલીજી;
અચ્યુતા શાંતા જ્વાલા સુતારા, જૈનશાસન રખવાળી. મંગલ૦૧૧

અશોકા શ્રીવસ્તાચંડા, વીજ્યા અંકુશા દેવીજી;
પન્ના નિવ્વાણી અચ્યુતા, ધારીણી વૈરુટ્યા શુભ દેવી. મંગલ૦૧૨

અચ્છુપ્તા ગાંધારી અંબા, પદ્માવતી જયકારી;
